નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે

1,2,3 & 4 BHK ભાડેથી મળશે

બુકિંગમાં 2 BHK અને 3 BHK સારા એરિયામાં મળશે

તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ, દેવીદયાલ રોડ, સર્વોદય નગર, તાંબેનગર 2 અને 3 BHK મળશે ઓબેરોયમાં 3 અને 4 BHK વેચાણથી તેમજ ભાડેથી મળશે

**Deepak Kesaria**
**9707 777 771**



# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com



વર્ષ : ૨૭ ● અંક : ૧૪ ● સળંગ અંક : ૧૩૩૦ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૪ એપ્રિલ – ૩૦ એપ્રિલ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦





METRO
GROUP

## સરસ્વતી પૅરડાઇસ

ફક્ત સૌથી વિશિષ્ટ માટે જ 'settle' કરજો

આ સમય છે, અનેક સુવિધાઓ અને સિંગલ સરફેસ પાર્કિંગના 8 સ્તરો સાથે પ્રાઇમ લોકેશન પર તમારા સપનાનું ઘર બુક કરવાનો.

Saraswati
paradise
MULUND WEST

**PREMIUM 2 & 3 BHK HOMES**

Zaver Road, Mulund West

**+91 88 2890 0009**

www.saraswatiparadise.in

Site Address: Saraswati Paradise, at Zaver Road, Mulund West - 400080

Disclaimer: The plans, specifications, images and other details herein are only indicative and the developers reserve their rights to change any or all of these in the interest of the development. The printed material does not constitute an offer and or contract of any type between the developer and the recipient. Any purchase/lessee of this development shall be governed by the terms and conditions of the agreement for sale/lease entered into between parties and no detail mentioned in this printed material shall in any way govern such transaction.

MahaRERA Registration No.: P51800051636

insomniacs.in

# પ્રથમ પુણ્યતિથિ

## કૃતિ જતી રહી પણ સ્મૃતિ જતી નથી



જિંદાદિલીથી એવું જીવ્યા
જીવનારા જોયા કરે...

સંયોગ ત્યાં વિયોગ
સંસારનો નિયમ છે...

જીવન પછી મૃત્યુ
કુદરતનો ક્રમ છે...

છતાં સ્વજનની વિદાયનો
સમગ્ર પરિવારને ગમ...

સ્મરણ થતાં આપનું
સૌની આંખો થાય નમ...



## શ્રી રોહિતભાઈ રમણલાલ સતરા (શાહ)

**ગુંદાલા - મુલુંડ**

દેહવિલય : તા. ૨૨-૪-૨૦૨૩

**માતુશ્રી ઝવેરબેન રમણલાલ સતરા (શાહ)**
**(ગુંદાલા) (ટીપ-ટોપ પરિવાર)**

HOTEL Tip Top PLAZA ROOMS • RESTAURANT • BANQUETS | Tip Top MITHAIWALA | Jeans Junction

BINITA S. MARU - 9869034162

પોસ્ટ ખાતાની વિવિધ બચત
તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર
ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૧૪ • સળંગ અંક : ૧૩૩૦ • મુંબઈ • બુધવાર • તા.૨૪ એપ્રિલ - ૩૦ એપ્રિલ ૨૦૨૪ • કુલ પાના : ૨૪ • કિંમત રૂા.૫.૦૦



# ક્લાસિફાઈડ્સ

## શૈક્ષણિક

**French Classes**

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**Falguni's Math Classes**

Math Tuition for VIII to X CBSE & ICSE. Small batch size, Regular tests. Also for XI and XII Commerce. **Falguni Shah - 98696 44994** 000 (1332)

## નોકરી સંબંધી

**Require B.Com with 1-3 years exp. as Accounts Asst. Knowledge of Tally, Word, Excel must.**

**Shethia & Asso.,**
302, Marathon Chambers,
3rd Floor, P.K Road,
Nr. Panch Rasta,
Above Manoranjan,
Mulund (W).

**7666766230 / 9594016116**

**TRAINING**

Lost Self Confidence? Develop a Winning Personality. Training by **Abhijit Sir @ 9867489566** Mulund (West) 6685 (1349)

**જોઈએ છે**

છોકરા અથવા છોકરી બીલીંગ માટે અને લોજીસ્ટીક (ટ્રાન્સપોર્ટ) માટે કંપની ખુશ્બુ ડાયકેમ પ્રાઈવેટ લિમિટેડ, ગાલા નંબર ૯૯, ન્યુ યુનિક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જવાહર ટોકીઝની પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. **email id : ashok.dand @khushbudyechem.com** 033 (1331)

**મામલ ફુડસ R.H.B.Road** લેડીઝ સ્ટાફ વય ૨૦ થી ૪૫ અનુભવી/બીન અનુભવી. સમય : ૧૧ થી ૮. સંપર્ક : **86938 35501** 063 (1354)

## જગ્યા સંબંધી

**મુલુંડ (વેસ્ટ)**
**3 BHK વેચાણમાં**

૧૪૦૦ સ્કે.ફૂટ કારપેટ એરીયા, વાસ્તુ પ્રમાણે ફુલી ફર્નીશ્ડ ફ્લેટ, વ્યાજબી મેઈન્ટેનન્સ, ૧ સ્ટીલ્ટ પાર્કીંગ, સ્ટેશન,માર્કેટ, દેરાસરની એકદમ નજદીક

**સુરેશ પરમાર**
**98198 60490**

**શ્રી એસ્ટેટ એજેન્સી**

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

**1 BHK વેચાણથી**

1 BHK-437 sq.ft. જસવંતી વુડ્સ હાયર ફ્લોર, ફુલ્લી ફર્નિશ 1.22 CR with ફીક્સ્ડ ફર્નિચર. સંપર્ક : **ઓનર મનિષ રાવલીયા - 9820590399** 6286 (1331)

## ટુર અને ટ્રાવેલ્સ

સિધ્ધપુર - માતૃગયા શ્રાધ્ધ તા.૨૦ અને ૨૧ સપ્ટેમ્બર ગયાજી પિતૃગયા ૨ સપ્ટેમ્બર **ઉદય જોષી** (નખત્રાણા-કચ્છવાળા) વાસ્તુશાસ્ત્રી-**93246 15113** 6691 (1336)

## નોકરી સંબંધી

Required Principal, B.Sc. B.Ed, BA B.Ed, HSC D.Ed, BP Ed, Drawing And Phonetics Teachers For Smt H. M. Gala English School, V. P. Road, Mulund (W). Call : **022-3511 5339 / 93247 79308** 085 (1331)

Job in Insurance Sector Call : **9773661090** (000)

**Display Advt. Rates**

**First colour Page**
Rs.**40/-** Per Sq.cm.
**Last colour Page**
Rs.**32/-** Per Sq.cm.
**Inner Colour Page**
Rs.**24/-** Per Sq.cm.

## ધંધાકીય

**કવર! કવર!! કવર!!!**

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 642 (1352)

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 09730402879, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 1091 (1344)

**Banyan Tree Old Age Home**

મુલુંડમાં તમામ પ્રકારની સુવિધા સાથેનું ૯૦ બેડનું ઓલ્ડ એજ હોમ. પેરાલિસિસ, કેન્સર, વૃદ્ધોની સંભાળ, બેડ શોર, ડિમેન્શિયા, પોસ્ટ ઓપરેટીવ કેર. **સંપર્ક : 9223358602, 9820782425** 1165 (1334)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૯ વર્ષથી ઓફિસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**વોશીંગ મશીન રીપેરીંગ**

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**Jainam Publicity**

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 1164 (1335)

**અંગ્રેજી બોલો+સાઈકલોજી**

ખૂબ જ સરળ ટ્રિકની મદદથી ખાતરીપૂર્વક અંગ્રેજી બોલવા અને સાઈકલોજીના માનસિક ફાયદાઓને સમજવા એક વાર જરૂર કોલ કરો. તમારા લેવલ અને સમય પ્રમાણે, વય મર્યાદા નથી. **Hemang Gala -9619391890** 6690 (1332)

## ધંધાકીય

**RVS Pest Control**

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** (1363)

Ask me any book of any Subject, Any Printing works small or big. Mobile : **98926 46803 Mr. Kotecha** 6288 (1330)

**મુલુંડ વેસ્ટમાં જેન્ટસ વેરનું બમ્પર**
**સેલ સેલ સેલ**

પ્લસ સાઈઝની કોટન પેન્ટની અઢળક વેરાયટીઓ જોવા ખાસ પધારો. હોલસેલ ભાવમાં રીટેલ જેન્ટસ વેરમાં બ્રાન્ડેડ ફેબ્રીકમાં કોટન પેન્ટ, હોઝીયરી ટ્રેક પેન્ટ, બર્મુડા, જીન્સ (28 to 50), શર્ટ, ટી-શર્ટ (M to 8 XL) સાઈઝમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ. ઓફર શર્ટ રૂ.૩૦૦/-થી શરૂ. સિલેક્શન મેન્સ વેર, ગાલા નં.૫૪, રાજા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. સમય ૧૦ થી ૭. સોમવાર બંધ. સંપર્ક : **દીપેન ભેદા- 9137501277** (1330)

## મહિલા માટે

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**


૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો**
**મેળાપથી હસ્તમેળાપ સુધી**

દિકરા-દિકરીઓ માટે સ્નેહ સંમેલન ફક્ત રૂ.૩૦૦ /- તા. ૨૮ એપ્રિલ ૨૦૨૪ ના રવિવારે સવારના : ૧૦.૦૦ થી ૨.૦૦ સ્થળ : મુલુંડ (વેસ્ટ). ફક્ત ૧૦૦ જ ઉમેદવાર લેવાંમાં આવશે. વહેલો તે પહેલો **શ્રી જયેશ જેઠવા - 88283 52585** 1227 (1376)

Follow us on
/gurjarmat




**SHREE MAHAVIR SPORTS**
INSIDE MEVA WALA BUILDING,
M.G.ROAD,
BEHIND PUPPY TAILOR,
MULUND (W)
**9082699264**

**આપના વ્યાપારની સોશ્યલ મિડિયામાં જાહેરાત આપવા માટે**
**સંપર્ક**
**9322257731**

**જ્યોતિષશાસ્ત્ર**

૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**
(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

- વ્યવસ્થાપક

**NEW STOCK**
- M-10XL Cord set, L-10XL Kurti, Kurti Pant Set, Kurti Dupatta set starting from Rs.500/-
- L-9 XL Western Top, • L-9XL One Piece, Long Gown starting from Rs.450/-
- Jeggings, Pajamas, Pant, Big size Plazo starting from Rs.300/-
- Kids Dangri set Rs.150/-
- Men's Boxer Buy 3 for Rs.500/-
- Unisex Track Pants 2XL to 5XL Just For Rs.300/-
- Crosio Top Rs.200/-

**Hemangi : 9987897979**

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

**જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ**

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીઝનેબલ રેટની ગેરેન્ટી.

**હેતલ શાહ 98210 59549**

વર્ષ : ૨૭ ● અંક : ૧૪ ● સળંગ અંક : ૧૩૩૦ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૪ એપ્રિલ – ૩૦ એપ્રિલ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49% (p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT www.arihantbank.com @ Arihant Bank

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

ગુર્જરમાત
/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Prime Location Devidayal
Sold Out
~~2 BHK 600 cpt @ 1.40 cr.~~
2 BHK 715 cpt @ 1.70 cr.
3 BHK 960 cpt @ 2.40 cr.
RTMI, નવું બિલ્ડિંગ,
રેડી પઝેશન, દલાલ આવકાર્ય.
9022687343
8779280336

વર્ષ : ૨૭ ● અંક : ૧૪ ● સળંગ અંક : ૧૩૩૦ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૪ એપ્રિલ – ૩૦ એપ્રિલ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦

# મુલુંડ પૂર્વમાં અત્યાધુનિક જિલ્લા રમતગમત સંકુલ બનશે

## મિહિર કોટેચાએ જિલ્લા રમતગમત સંકુલના વિકાસ માટે સરકાર પાસે ૧૦૦ કરોડ રૂપિયાની માંગણી કરી

**શાંતિલાલ નાકર**

ઉત્તર-પૂર્વ મુંબઈમાં રમતગમતના વિકાસને નોંધપાત્ર પ્રોત્સાહન આપવા માટે, મુલુંડ (પૂર્વ)માં ૭૫૧૦ ચોરસ મીટરનો એક એવા બે પ્લોટ પર એક જિલ્લા રમતગમત સંકુલ બાંધવામાં આવશે. રાજ્યના રમતગમત વિભાગે જિલ્લા રમતગમત સંકુલ માટે બંને પ્લોટ હસ્તગત કર્યા છે.

મુલુંડના ધારાસભ્ય અને મુંબઈ નોર્થ ઈસ્ટ લોકસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર મિહિર કોટેચાએ મુલુંડમાં જિલ્લા રમતગમત સંકુલનો પ્રસ્તાવ મૂક્યો હતો અને છેલ્લાં બે વર્ષથી મહેસૂલ, રમતગમત વિભાગ અને અન્ય જેવી વિવિધ સરકારી એજન્સીઓ સાથે ફોલોઅપ કરી રહ્યા છે.

આ બાબતે મિહિર કોટેચાએ જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ના

(અનુસંધાન ૧૪મા પાને)



ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
દેવીદયાલ ગાર્ડન પાસે બે બાલ્કની સાથે
અમી વૃંદાવનમાં 980 કારપેટ
2.49 Cr. નેગોશિયેબલ
8169222044

શ્રી વિમલ એસ્ટેટ
દેવીદયાલ રોડ પાસે 4 BHK ટેરેસ સાથે 2 પાર્કિંગ પણ
ઓફ LBS રોડ 3 BHK ફુલ્લી ફર્નિશ્ડ 1400 યુઝેબલ કારપેટ 1 પાર્કિંગ
8104009694 / 9819864456



30 YEARS OF EXCELLENCE AND DELICACIES.
Enjoy the luxury of the revamped and enhanced Kalidas Marriage Hall
7 comfortable rooms are available for your outstation guests to unwind in.
Experience the Grand Royal Ambience with modern amenities.
Capacity of 300 to 800 guests with 550 seating capacity.
Ample parking space.
DhanRaj HOSPITALITY
Contact us on- +91 8080 3888 08 | +91 771 888 555 0/5



Unlimited Aamras Thali
₹650
Inclusive of all taxes
जरा चखके देखो!
Tip Top GRAND THALI RESTAURANT
Lunch: 11.30 am to 3.30 pm
Dinner: 7.30 pm to 11 pm
Hotel Tip Top Plaza, L.B.S. Marg, Near Teen Hath Naka, Thane (W).
Tel.: 88793 12345/98333 78234/022 6793 5301/02
Menu can be changed at any time without prior notice
Order online on SWIGGY zomato
T&C apply
Impulse/04/24

# તરૂણ મિત્ર મંડળ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન થયું



તરૂણ મિત્ર મંડળ તરફથી ૧૧૦ મી અને મુલુંડમાં ૯ મી રક્તદાન શિબિર તા ૨૧ એપ્રિલને રવિવારના રોજ સવારે ૯ થી ૬ દરમ્યાન વિકાસ સેન્ટર, આર્ય નિવાસ હોલમાં યોજવામાં આવી હતી. આ શિબિરની રોનક વધારવા તુલસીદાસ પોપટ, જગદીશ લીલાધર દેઢિયા, ધીરજ કલ્યાણજી ગાલા, મુકેશ પાસડ, હિરાલાલ મૃગ, રૂપેશ ગંગર, ભરત છેડા, સુભાષભાઈ, બિપીનભાઈ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. માનવતા ચેરીટેબલ ટ્રસ્ટ ડોમ્બિવલીથી ખુશાલભાઈ ગડાએ બધા મહાનુભાવનું સ્વાગત કર્યું હતું. શિબિરમાં ૧૫૦ જેટલા બ્લડ ડોનરોએ આવીને રક્તદાન કર્યું હતું. બધાને ભેટ રૂપે છત્રી આપવામાં આવી હતી. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે સમગ્ર ટીમએ ભરપૂર જહેમત કરી હતી.







શિવસેના નેતા વિજય ગવઈને જન્મદિનની શુભેચ્છા પંકજ છેડાએ આપી તે પ્રસંગની તસવીર

# RHB રોડ ફૂટપાથ પરના ખૂલ્લાં ઢાંકણા અકસ્માતને આમંત્રણ આપે છે



મુલુંડ પશ્ચિમના આર.એચ. બી.રોડ પર જૂની સેમશાન ઈંગ્લિશ સ્કૂલ વિસ્તાર પાસે હાલમાં જ ફૂટપાથનું નૂતનીકરણ કાર્ય થયું છે. તે છતાં ટૂંક સમયમાં જ ગટર ના ઢાંકણ તૂટવા લાગ્યા છે. અહીં અવરજવર કરતાં બાળકો, વડીલજનો કે મહિલાઓ જો બે ધ્યાન રહેતો ખૂલ્લી ગટરો કંઈક અનહોની ઘટના બનવાની રાહ જોઈને બેઠી છે.

સતાવાહક તંત્ર લોકોની પીડા-તકલીફ ક્યારે સમજશે?




|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ ||

તા. ૨૭-૦૪-૨૦૨૪ શનિવાર સાંજે ૪.૦૦ વા. • સ્થલ : આર. આર. સભાગૃહ, મ્હાડા કૉલોની, મુલુંડ (ઈસ્ટ)

શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ પરિવાર

આયોજીત

શ્રી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી - ૨૦૨૪

તા. ૨૭-૦૪-૨૦૨૪ શનિવાર સાંજે ૪.૦૦ વા. • સ્થલ : આર. આર. સભાગૃહ, મ્હાડા કૉલોની, મુલુંડ (ઈસ્ટ)

શ્રી સચ્ચાઈ માતાજીના પહેડીના લાભાર્થી પરિવારો

• નૈવેદ્ય (પહેડી) જુહારવાના લાભાર્થી •

એક સદ્ગ્રહસ્થ

• માતાજીની મૂર્તિને તેડી આવવાના લાભાર્થી •

માતુશ્રી રસિલાબેન માણેક્જી લોડાયા પરિવાર (સાંધવ-મુલુંડ)

• માતાજીની છબીને તેડી આવવાના લાભાર્થી •

માતુશ્રી વિજયાબેન કુંવરજી હરશી લોડાયા (રાપર-ભાંડુપ)

• માતાજીને પોંખવાના લાભાર્થી •

માતુશ્રી હંસાબેન હીરાચંદ અરજણ પટેલ (બાંડીયા-ઐરોલી)

• માતાજીને ફુલહાર પહેરાવવાના લાભાર્થી •

માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા પરિવાર (સાંધવ-મુલુંડ)

• માતાજીને ચુંદડી ઓઢાડવાના લાભાર્થી •

અ.સૌ. કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર (સાંધવ-મુલુંડ)

• પુજામાં બેસવાના લાભાર્થી •

શ્રી તનય નિલેશ દંડ (સાંધવ)

માતુશ્રી પ્રભાવંતીબેન મુલજી લોડાયા (ભરૂડીયા - મુલુંડ)

• માતાજીને ચાંદીનો છત્ર ચડાવવાના લાભાર્થી •

માતુશ્રી સુશીલાબેન મણીલાલ કુંવરજી દંડ (બાંયઠ)

• માતાજીને આભૂષણ પહેરાવવાના લાભાર્થી •

માતુશ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા હસ્તેઃ રિતેશ (સાંયરા)

• ધૂપ-દિપના લાભાર્થી •

ધુલ્લા પરિવાર સાંધાણ ગામે માતાજીને નમતા ભાવિકો

• માતાજીના થાળના લાભાર્થી •

અ.સૌ. રશ્મિબેન પ્રતાપ ચાંપશી લોડાયા (તેરા-મુલુંડ)

• માતાજીની આરતીના લાભાર્થી •

માતુશ્રી હિરાબેન કાનજી વિરમ લોડાયા હસ્તેઃ વિર-પરમ-મેહાન (સુથરી-માટુંગા)

સર્વે લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના સહ આભાર...

-: સંપર્ક :-

સંદીપ લોડાયા - 98671 67387    વિરેન્દ્ર લોડાયા - 98210 73830



શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ પરિવાર

આયોજીત

શ્રી સચ્ચાઈ માતાજીની તૃતીય સમૂહ પહેડી - ૨૦૨૪


પહેડીના સ્તંભ દાતા પરિવાર

| | |
|---|---|
| ૧) માતુશ્રી ખેતબાઈ હંસરાજ લોડાયા પરિવાર | આરીખાણા - મુલુંડ |
| ૨) માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ | સાંધવ - મુલુંડ |
| ૩) માતુશ્રી વિમલાબેન ઠાકરશી લોડાયા પરિવાર | સાંધવ - મુલુંડ |
| ૪) માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા પરિવાર | સાંધવ - મુલુંડ |
| ૫) માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા | રાપર ગઢવારી - ઘાટકોપર |
| ૬) માતુશ્રી હેમલતાબેન નલિનકાંત પીર પરિવાર | સુથરી - મુલુંડ |
| ૭) માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર | નલીયા - મુલુંડ |
| ૮) માતુશ્રી સુશીલાબેન મણીલાલ દંડ પરિવાર હ. કિરણ દંડ | બાયઠ - વાશી |

પહેડીના સહયોગી દાતા પરિવાર

| | |
|---|---|
| ૧) માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા | આરીખાણા - મુલુંડ |
| ૨) શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંડીયા - અમદાવાદ |
| ૩) માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા | દલતુંગી - ડોંબિવલી |
| ૪) શ્રી નવિન ધનજી વેલજી લોડાયા | દલતુંગી - મસ્જિદ બંદર |
| ૫) શ્રી કચ્છ ગોધરા કોટડી મહાદેવપુરી ને નમતા ભાવિકો ધ્રોળ પરિવાર | |
| ૬) માતુશ્રી ચંપાબાઈ રાયચંદ લોડાયા હ. મનિષા નરેન્દ્રભાઈ | ગોરખડી - ઇંડોનેશીયા |
| ૭) માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ શાહ | કોઠારા - વાશી |
| ૮) માતુશ્રી પ્રેમાબાઈ લાલજી લોડાયા | કોઠારા - મુલુંડ |
| ૯) શ્રી રતીલાલ ધનજી લોડાયા (અજાણી) | કોઠારા - ઘાટકોપર |
| ૧૦) શ્રીમતી કલ્પનાબેન શાંતિલાલ લોડાયા | કોઠારા - વાપી |
| ૧૧) માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા | મંજલ રેલડીયા - ડોંબિવલી |
| ૧૨) શ્રી પ્રફુલ ધનજી લોડાયા | મંજલ રેલડીયા - ભાંડુપ |
| ૧૩) માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા હ. કિંજલ ઉત્તમભાઈ | મોટી ખાવડી - ઘાટકોપર |
| ૧૪) શ્રી શાંતિલાલ શામજી શાહ | મોટી ખાવડી - મસ્જિદ બંદર |
| ૧૫) માતુશ્રી જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા | મોટી ખાવડી - મુલુંડ |
| ૧૬) માતુશ્રી રંજનબેન પ્રવિણ કુંવરજી હીરજી લોડાયા | મોટી ખાવડી - કાંદીવલી |
| ૧૭) માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા | મોટી સિંધોડી - ડોંબિવલી |
| ૧૮) માતુશ્રી જયાબેન જવેરચંદ લોડાયા | નલીયા - અંધેરી |
| ૧૯) શ્રી જીતેન્દ્ર ઉમરશી લોડાયા | નલીયા - ઘાટકોપર |
| ૨૦) શ્રી નરેન્દ્ર દામજી લોડાયા | નલીયા - મુલુંડ |
| ૨૧) માતુશ્રી સોનબાઈ સોમચંદ કાનજી હ. પ્રફુલભાઈ | નાની ખાવડી - અકોલા |
| ૨૨) માતુશ્રી જયવંતીબેન લાલજી દંડ | પરજાઉ - નાહુર |
| ૨૩) અ.સૌ. વિજયાબેન ભદ્રીચંદ લોડાયા | રવા - કાંજુરમાર્ગ |
| ૨૪) કુ. રૂતવી ધર્મિતા અનુજ લોડાયા | રવા - ડોંબિવલી |
| ૨૫) શ્રી પ્રેમ ગુલાબચંદ ચુરલા | સાંધાણ - મુલુંડ |
| શ્રી પારસ રાજેન્દ્ર ચુરલા પરિવાર | સાંધાણ - મુલુંડ |
| ૨૬) માતુશ્રી નવલબાઈ ભવાનજી દંડ | સાંધવ - મુલુંડ |
| ૨૭) શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા | સાંધવ - ઘાટકોપર |
| ૨૮) માતુશ્રી જયાબેન શાંતિલાલ લોડાયા | સાંયરા - મુલુંડ |
| ૨૯) માતુશ્રી પ્રેમિલાબેન પદમશી લોડાયા | સાંયરા - વાશી |
| ૩૦) માતુશ્રી વેલબાઈ દામજી નરશી ધ્રોળ | સાંયરા - ડોંબિવલી |
| ૩૧) શ્રી મધુકર ઝવેરચંદ લોડાયા | સાંયરા - માટુંગા |
| ૩૨) માતુશ્રી હેમલતાબેન પ્રતાપ લોડાયા | સુથરી - મુલુંડ |
| ૩૩) માતુશ્રી પુષ્પાબાઈ પદમશી સાયલા | તેરા - મુલુંડ |
| ૩૪) માતુશ્રી તારાબેન જવેરચંદ લોડાયા હ. સંજયભાઈ | તેરા - મુલુંડ |
| ૩૫) શ્રી ભવાનજી દેવશી લોડાયા | વાંકુ - મુલુંડ |
| ૩૬) માતુશ્રી પદમાબેન અશોક ભેદા | વારાપધર - મુલુંડ |
| ૩૭) માતુશ્રી જયાબેન હંસરાજ વિકમશી હ. વિજય વિકમશી | વારાપધર - ડોંબિવલી |


# શ્રી લોહાણા સ્નેહમિલન મુલુંડનો પાંચમો કાર્યક્રમ તા.૨૮ એપ્રિલના




શ્રી લોહાણા સ્નેહમિલન મુલુંડનો પાંચમો કાર્યક્રમ તા.૨૮ એપ્રિલ રવિવાર રાત્રે ૯.૩૦ કલાકે કાલિદાસ ઓડિટોરિયમમાં હાસ્ય વ્યંગ અને મસ્ત મનોરંજનથી ભરપૂર નાટક 'કાકા લાવે કેશ, બધા કરે એશ'ની પ્રસ્તુતિનું આયોજન કરાયું છે.


Follow us on /gurjarmat

# ચૂંટણીની મોસમમાં વચનોનો વરસાદ



તંત્રીસ્થાનેથી
જયંત છેડા

દેશમાં ચૂંટણી જાહેર થતાં વિવિધ રાજકીય પક્ષો ચૂંટાઈ આવ્યા પછી સતા સંભાળતાની સાથે પ્રજા માટે શું કરવા માંગે છે તેનો ઈરાદો જાહેર કરે છે. સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે. प्रिय वाक्य प्रदानेन सर्वे तुष्टान्ति जन्तवः।। तस्मातदेव वक्तव्यं वचने किं दरिद्रता।। મીઠી વાણી બોલવાથી સૌ લોકો પ્રસન્ન અને સંતુષ્ટ થાય છે. એટલે સદૈવ મધુર વચન બોલવા જોઈએ. વાણી આપણી આધિન છે અને એનું કોઈ મૂલ્ય ચૂકાવવું પડતું નથી. તો પછી મીઠા વચન બોલવામાં દરિદ્રતા શા માટે ભોગવવી?

સતારોહણનો પ્રવાસ પ્રજાનો વિશ્વાસ મેળવવાથી સફળ થાય છે અને પ્રજા લોભીલા વચનોથી ખુશ થાય છે એ દરેક રાજકારણીઓ સમજે છે. એટલે પારાધી જે પક્ષીઓને ફસાવવા જાળ બિછાવીને પછી ચણ નીરે છે તેવી જ રીતે રાજકીય પક્ષો મોટી મોટી ગુલબાંગો હાંકી આસમાનના તારા જમીન પર લાવી આપવાની વાત કરે છે. અમુક સુવિધાઓ મફત. વીજ, પાણીના બીલમાં રાહત ગેસ સિલિન્ડર નહિંવત ભાવથી મહિલાઓને ભથ્થું બેરોજગારોને રોકડ મદદ જેવી વચનોથી પ્રજાને બોલાવી ધ્યાન આકર્ષિત કરે છે. જીતયા તો વચન પૂર્તિની જબાબદારી માથે પડે નહીં તો શું નાહવું ને શું નીચોડવું.

મોટા મોટા મફતીયા વાયદા કરવામાં આમ આદમી પાર્ટીનો જોટો ન જડે. તેની આ જાળને ભાજપવાળાઓ રેવડી કલ્ચર તરીકે ઓળખાવે છે. ચૂંટણી ટાણે થતાં મોટાને પછી ખોટા પડતા વચનો કેવી રીતે તેઓ પૂરા કરશે તેનો રોડ મેપ જાહેર કરવાની ફરજ પાડવી જોઈએ જે માટે ચૂંટણી પંચ સક્રિય થાય એ જરૂરી છે.

હવે આ વખતની લોકસભા ચૂંટણીમાં મુખ્ય રાજકીય પક્ષોએ ચૂંટણી ઢંઢેરામાં ક્યા વચનો આપયા છે તે જોઈએ. જૂની પાર્ટી કોંગ્રેસ ન્યાય પત્ર નામથી જાહેર કરેલ વચન પત્રમાં ૨૫ ગેરેન્ટીનું પ્રોમિસ કર્યું છે. વિવિધ ૧૦ ખંડ પ્રકરણમાં કુલ ૩૪૪થી વધારે વાયદા કર્યા છે. ૪૫ પાનાના દળદાર વચન નામમાં પાર્ટીએ કેન્દ્ર સરકારમાં ૩૦ લાખ ખાલી જગ્યાઓ પર ભરતી કરવાનું, ગરીબ પરિવારના વડીલોને રોકડા રૂા.૧ લાખ વાર્ષિક આપવાનું, અનામતની હાલની ૫૦ ટકાની મર્યાદા વધારવાનું વચન આપ્યું છે. સતા સ્થાને આવશે તો ઈલેકટોરલ બોન્ડ અને પીએમકેર્સ યોજનાઓની તલસ્પર્શી તપાસ કરવાનું જાહેર કર્યું છે. એજ્યુકેશન લોનની વ્યાજ સહિતની રકમ માફ કરવાનો વાયદો કર્યો છે. જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવો, પાર્ટી બદલનાર ધારાસભ્ય, સંસદ સભ્ય આપ મેળે ગેરલાયક બને તેવો કાયદો, રોકડિયા પાક ઉગાડતા ખેડૂતો માટે લઘુતમ ટેકાનો ભાવ અમલ કરવાનો, રાષ્ટ્ર વ્યાપી આર્થિક, સામાજિક જાતિ ગણતરી કરવાનો, ઈવીએમના કાર્યક્ષમતા અને બેલેટ પેપરની પારદર્શિતાને જોડવા માટે કાયદામાં સુધારાનું વચન અપાયું છે. તો ગણત્રીના સમયમાં ગરીબી હટાવવાનું વચન પણ સામેલ છે. અજિત પવાર હસ્તકની એનસીપીએ જાતિ આધારિત વસ્તીગણતરીનું સમર્થન કરી રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન અને કેન્દ્રીય પ્રધાન સ્વ.યશવંત રાય ચવાણને ભારતરત્ન આપવાનો ઈરાદો દર્શાવ્યો છે. જાતિ પંથ અને ધર્મની આગળ એક માનવના રૂપમાં જીવવાના અધિકારમાં વિશ્વાસ કરતી હોવાનું જણાવ્યું છે.

આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ તિહાડ જેલમાંથી પત્ર દ્વારા મતદાતાઓને છ ગેરેન્ટી આપી છે. જેમાં આખા દેશમાં ૨૪ કલાક વીજળી, કોઈ પાવર કટ નહીં, ગરીબોને મફત વીજળી દરેક ગામમાં શાનદાર સરકારી સ્કૂલ બનાવવાની, દરેક ગામમાં મોહલ્લા ક્લિનિક અને દરેક જિલ્લામાં સરકારી મલ્ટિ સ્પેશ્યાલિટી હોસ્પિટલનો વાયદો, સ્વામીનાથન રિપોર્ટના આધારે દરેક ખેડૂતને મિનિમમ સપોર્ટ પ્રાઈઝ આપવાનો તથા દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાનું વચન આપ્યું છે.

દસ વર્ષથી સરકારની સતા ધૂરા સંભાળતા ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી ઢંઢોરાને બીજેપીનો સંકલ્પ પત્ર મોદીના ગેરેન્ટી નામ આપીને અત્યાર સુધી પૂરા કરેલા વચનોની યાદી આપવાની સાથે આગામી સતા કાળ દરમ્યાન આવતાની સાથે ૧૦૦ દિવસની કાર્ય યોજના પર કામે લાગવાની વાત કરી છે. દેશની જનતાની મહત્વકાંક્ષા પૂરી કરવી એ મોદીનું મિશન હોવાનું જણાવ્યું છે. સંકલ્પ પત્રના મોટા વચનોમાં ૭૦ વર્ષથી ઉપરની ઉંમરના સિનિયર સિટિઝનોને આયુષ્યમાન યોજના હેઠળ પાંચ લાખ રૂપિયા સુધી મફત સારવાર, ગરીબો માટે મફત રેશન યોજના ૨૦૨૯ સુધી ચાલુ રાખવાનું વચન, ગરીબોને ૩ કરોડ ઘર આપવાની ગેરેન્ટી, મુદ્રા યોજના હેઠળ લોનની મર્યાદા ૨૦ લાખ રૂપિયા સુધી કરવાનું, સીએએ હેઠળ આવતા પાત્ર લોકોને નાગરિકતા આપવાનો ભરોસો, યુનિફોર્મ સિવિલ કોડ દેશભરમાં લાગુ કરવાનો સંકલ્પ, વન નેશન વન ઈલેકશન લાગુ કરવાનું વચન, પરીક્ષા પેપર લીક નિયંત્રણ માટે કાયદો પાકની એમએસપીમાં વધારો કરવો અને કિસાન સન્માન નિધિ યોજના જારી રાખવાનો સંકલ્પ, હાલમાં મહારાષ્ટ્ર ગુજરાત રાજ્યને જોડતી બુલેટ ટ્રેનનું કામ પશ્ચિમ ક્ષેત્રથી આગળ લઈ પૂર્વ, ઉત્તર અને દક્ષિણ ભારતમાં શરૂ કરવાનો મક્કમ ઈરાદો જાહેર કર્યો છે.

ભ્રષ્ટાચાર વિરુધ્ધ ઝૂંબેશ આગળ વધારતા સખત પગલાં લેવાનું ચાલુ રાખવાનું વચન, ગ્રીન એનર્જી માટે ભારત વિશ્વનું કેન્દ્ર બને એ ઈરાદો અને ઈલેક્ટોરલ બોન્ડની યોજનાને માટા પાયે સૂચનો અને અભિપ્રાયો મંગાવી ફરીથી લાવવાનું વચન સામેલ છે. વિકસિત ભારત માટેનો સંકલ્પ પત્ર તરીકે જણાવી બીજેપી આ સંકલ્પ પત્ર બે ચાર અનુભવી નિષ્ણાંતો કે પ્રધાનોની સમિતિ એ નથી બનાવ્યો પણ સમગ્ર દેશમાંથી વિવિધ વર્ગના નાગરિકોએ પાઠવેલા પંદર લાખથી વધુ સૂચનોનું નવનીત તારવીને તૈયાર થયો છે. જે મક્કમ ઈરાદો, મજબૂત ઈચ્છા શક્તિ અને જનકલ્યાણનો વિશ્વાસ આમાંથી છલકે છે. છેલ્લે મહારાષ્ટ્રની ચંદ્રપુર લોકસભા બેઠકના અખિલ ભારતીય માનવતા પાર્ટીના મહિલા ઉમેદવાર વનિતા રાઉતે ચૂંટણીમાં વિજયી થશે તો રાશનકાર્ડ ઉપર ઓછી કિંમતે વિવિધ બ્રાન્ડના શરાબ અપાવશે. ગામડે ગામ બિયર બાર ખોલવાની એવું વચન મતદારોને આપ્યું છે અને સાંસદની ગ્રાન્ટમાંથી ગરીબોને મફત કે સસ્તા દરે ઉચ્ચ દરજ્જાનો શરાબ પણ ઉપલબ્ધ કરાવશે. આ તાસીર બતાવે છે આજના રાજકરણીઓની.

# શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા જોડીયા ભાઈઓ મહારાષ્ટ્ર - ગુજરાતના સ્થાપના દિવસની ઉજવણી અનેરી રીતે કરવાની પહેલ

બુધવાર, તા.૧ મે ૨૦૨૪ના સાંજના ૫ વાગ્યેથી લાયન્સ સ્પોટ્ર્સ પેવેલિયન, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુલુંડ પશ્ચિમ ખાતે આ વિવિધતાસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એક ભારત શ્રેષ્ઠ ભારતના પયગામ સાથે આ કાર્યક્રમ બે ભાઈઓના પ્રેમ અને વાત્સલ્યનું પ્રતિક બની રહેશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા સર્વ ભાષા પ્રેમીઓને ભાવભર્યું આમંત્રણ શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા આપવામાં આવેલ છે.

# “સર્વ વિરતી માર્ગનો સ્વીકાર એટલે દીક્ષા”



સંગિની સૌરભ
સંકલન - હિના પારેખ
મો.૯૯૬૭૪૫૯૫૧૫
– બીના કીર્તિ શાહ



શબ્દનો પ્રભાવ વિજ્ઞાને સ્વીકાર્યો છે. જૈન પરિભાષામાં શબ્દ એ પુદ્ગલ છે અને તેને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ છે. અનેક શબ્દોની સંગત કરીએ છીએ ત્યારે વિવિધ સંવેદનાની અનુભૂતિ કરીએ છીએ. આવી શબ્દ શૃંખલામાંના એક શબ્દની આજે સ્પર્શના કરવી છે. એ શબ્દ છે જૈન દીક્ષા. પ્રવજ્યા અને સંયમ એ પર્યાયવાચી શબ્દો છે. પૂર્વ અધ્યાય દ્વારા વિદિત કર્યું હતું કે સંસાર પરિભ્રમણના કારણરૂપ કર્મના અનેક ભેદ છે. અઘાતી એવા નામકર્મની અપેક્ષાએ ઉત્કૃષ્ટ શુભ પ્રકૃતિ એટલે તીર્થંકર નામકર્મ. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપી શ્રી ચર્તિવધ સંઘ, તીર્થની સ્થાપના શ્રી તીર્થંકર ભગવંત કરે છે. આ શ્રી સંઘનાં પ્રથમ બે અંગ સાધુ અને સાધ્વી, ગૃહસ્થ અને સાંસારિક પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરી પ્રભુ શ્રી અરિહંતે દર્શાવેલા સર્વ વિરતીના સાધના માર્ગ પર સ્થિર થયા હોય છે. વિરતી એટલે વિરમવું, અટકવું. પાપ પ્રવૃત્તિથી અટકવું તે વિરતી કહેવાય. સર્વ પ્રકારનાં પાપથી વિરમવું એટલે સર્વ વિરતી. સર્વ વિરતી માર્ગનો સ્વીકાર એટલે દીક્ષા. મન, વચન અને કાયાથી સંસારની પ્રવૃત્તિ કરવી નહીં, કરાવવી નહીં અને કરાવવા માટે અનુમોદના અને પ્રોત્સાહન આપવા નહીં એવી પ્રતિજ્ઞાા એટલે જૈન દીક્ષા. પાંચ ઇન્દ્રિય અને મનના વિષયોમાં સંયમ રાખવો એ આ જીવનની પરમ આવશ્યકતા છે. આ સંયમ જીવનમાં પાંચ મહાવ્રતનું પાલન કરવાનું છે. હિંસાનો સર્વથા ત્યાગ એટલે પ્રાણાતિપાત વિરમણ વ્રત. અસત્યનું ઉચ્ચારણ કરવું નહીં. કર્કશતા વગરની મધુર વાણી ઉચ્ચારવી એ મૃષાવાદ વિરમણ વ્રત છે. કોઈએ ન આપી હોય એવી વસ્તુ, પદાર્થનો સ્વીકાર કરવો નહીં એટલે અદત્તાદાન વિરમણ વ્રત. સ્ત્રી, પુરુષનાન્યતર આદિ સાથેના વિષય ભોગનો ત્યાગ એટલે બ્રહ્મચર્ય વ્રત. ધન, ધાન્ય, સોનું, રૂપું આદિ પદાર્થનો સંગ્રહ કરવો જ નહીં. આહાર, પાણીનો પણ સંગ્રહ ન કરવો એટલે પરિગ્રહ વિરમણ વ્રત. આ પાંચ મહાવ્રત છે તથા પ્રાણના ભોગે પણ રાત્રિ ભોજન કરવું નહીં, તેનો સર્વથા ત્યાગ કરવો. આવાં વ્રતોને જીવનપર્યંત સર્મિપત રહી, સાધના માર્ગ પર પ્રવૃત્ત રહેનારા સાધુ અને સાધ્વીજી જૈન સંઘના અમૂલ્ય અલંકાર છે, પ્રધાન અંગ છે. ઇન્દ્રિયોનાં સુખ અને વિષયોથી તેઓ નિરપેક્ષ હોય છે. શરીરની શોભાનો તેઓએ ત્યાગ કર્યો હોય છે. મસ્તક, દાઢી આદિના કેશનો તેઓ લોચ કરે છે, એટલે કે હાથથી ખેંચીને તેનો ત્યાગ કરે છે. ઉઘાડા પગે વિહાર, પદયાત્રા કરવી, પ્રગાઢ શીત અને ઉષ્ણ વાતાવરણને સમભાવે સહન કરવા, ક્ષુધા તથા તૃષાને પણ આવકારવા.વર્તમાન જગતના ભોગ, ઉપભોગનાં સાધનોનો સર્વથા ત્યાગ કરવો. તો સમ્યક જ્ઞાન, દર્શન એટલે શ્રદ્ધા તથા ચારિત્ર એટલે આચાર, તપ અને જપમાં જ પ્રવૃત્ત રહેવું એ આ જીવનનો પ્રધાન માર્ગ છે. હવે પ્રશ્ન એ થાય છે કે શા માટે સાંસારિક સુખનો ત્યાગ કરી આવા ત્યાગ માર્ગનો સ્વીકાર કરવો જોઈએ? વર્તમાન ક્ષણને વિસરી, ભવિષ્યને શણગારવા માટેના આ પુરુષાર્થમાં કોઈ તર્કસંગતતા છે? સાંપ્રત કાલે પણ સમૃદ્ધિ અને વૈભવના શિખરે બિરાજતા જીવો અને ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર વૃદ્ધ, યુવામિત્રો કે બાળજીવો કોઈ પણ પ્રકારના ભય, પ્રલોભનથી પ્રભાવિત થયા વગર, પ્રસન્ન મુખમુદ્રાએ જૈન દીક્ષાનો સ્વીકાર કરે છે ત્યારે પ્રશ્ન થાય છે, શા માટે? શું છે આ માર્ગમાં અને તેના સ્વીકારથી શું પ્રાપ્ત થવાનું? જેને આપણે સુખ કહીએ છીએ તે વાસ્તવિક સુખ છે? તેનાથી સાચો આનંદ પ્રાપ્ત થાય છે? ઇન્દ્રિય અને નિર્દોષ આહાર અને જળનો જ સ્વીકાર કરવો. વર્તમાન જગતના ભોગ, ઉપભોગનાં સાધનોનો વર્તમાન જગતના ભોગ, ઉપભોગનાં સાધનોનો સર્વથા ત્યાગ કરવો. તો સમ્યક જ્ઞાન, દર્શન એટલે શ્રદ્ધા તથા ચારિત્ર એટલે આચાર, તપ અને જપમાં જ પ્રવૃત્ત રહેવું એ આ જીવનનો પ્રધાન માર્ગ છે. હવે પ્રશ્ન એ થાય છે કે શા માટે સાંસારિક સુખનો ત્યાગ કરી આવા ત્યાગ માર્ગનો સ્વીકાર કરવો જોઈએ? વર્તમાન ક્ષણને વિસરી, ભવિષ્યને શણગારવા માટેના આ પુરુષાર્થમાં કોઈ તર્ક સંગતતા છે? સાંપ્રત કાલે પણ સમૃદ્ધિ અને વૈભવના શિખરે બિરાજતા જીવો અને ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર વૃદ્ધ, યુવામિત્રો કે બાળજીવો કોઈ પણ પ્રકારના ભય, પ્રલોભનથી પ્રભાવિત થયા વગર, પ્રસન્ન મુખમુદ્રાએ જૈન દીક્ષાનો સ્વીકાર કરે છે ત્યારે પ્રશ્ન થાય છે, શા માટે? શું છે આ માર્ગમાં અને તેના સ્વીકારથી શું પ્રાપ્ત થવાનું?



ડૉ.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતી નિમિત્તે આરપીઆઈ અગ્રણી નેતા વિનોદ જાધવને સામાજિક કાર્યકર પંકજ છેડાએ શુભેચ્છા આપી તે પ્રસંગની તસવીર

# મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચા તા.૨૬ એપ્રિલના ઉમેદવારી નોંધાવશે



ભારતીય જનતા પક્ષ - મહાયુતિના ઈશાન મુંબઈ લોકસભા બેઠકના ઉમેદવાર મિહિર કોટેચા શુક્રવાર, તા.૨૬ એપ્રિલના રોજ પોતાની ઉમેદવારી નોંધાવશે. વિક્રોલીમાં ગોદરેજ કોલોની ખાતે ચૂંટણી અધિકારી સમક્ષ પોતાનું ઉમેદવારી ફોર્મ ભરશે. વિજય મુર્હૂત બપોરે ૧૧ કલાક અને સાત મિનિટના ફોર્મ ભરશે. મિહિર કોટેચાના ફોર્મ ભરતી વેળાએ નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ, રાજ્ય ભાજપા અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે હાજર રહેશે. મુખ્યપ્રધાન એકનાથ શિંદે પણ હાજર રહે એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ઈશાન મુંબઈ બેઠક માટે સોમવાર, તા.૨૦ મેના રોજ મતદાન થવાનું છે.




# મુલુંડ કોંગ્રેસના અગ્રણી ડૉ.આર.આર.સિંહના જન્મદિવસની ઉજવણી કરાઈ





મુલુંડ કોલોની સ્થિત કોંગ્રેસ કાર્યાલયમાં મુલુંડ કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ અગ્રણી ડૉ.આર.આર. સિંહના જન્મદિવસ ઉજવણી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ ઉજવણી કાર્યક્રમમાં મુંબઈ પ્રદેશ કોંગ્રેસ ઉપાધ્યક્ષ અને આયોજક પ્રણાલી નાયર, ઉપપ્રમુખ બી.કે.તિવારી, ગોવિંદ સિંહ, ડૉ.બાબુલાલ સિંહ, વરિષ્ઠ સમાજસેવક બિરજુ મુંદડા, રાજોલ સંજય પાટીલ, મુંબઈ કોંગ્રેસ સેક્રેટરી રાજેશ ઇંગલે, જિલ્લા કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ ઉત્તમ ગીતે, મુંબઈ કોંગ્રેસ પ્રવક્તા ભરત સોની, મહારાષ્ટ્ર કોંગ્રેસ ઉત્તર ભારતીય સેલના મહામંત્રી ડૉ. સચીન સિંઘ, ડૉ.આર.એમ.પાલ, સેક્રેટરી મોહનલાલ રાજ સહિત શિવસેના, મનસે, એનસીપી તથા આરપીઆઈના નેતાઓએ શાલ, ફૂલ ગુચ્છ અને ભેટ વસ્તુઓ આપીને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે જરૂરિયાતમંદ મહિલાઓને સાડી અને યુવાનોને સુરક્ષિત ડ્રાઈવીંગ માટે હેલ્મેટ આપવામાં આવી હતી.







'શીતલ'ના સથવારે સ્વાદમાં અનેરી મીઠાસ... પ્રસંગ અનેક... પસંદગી એક...
૩૫ વર્ષોથી જુના અને જાણીતા પ્રખ્યાત
શીતલ ડેરી માટુંગા
Matunga's favourite since 35 years
Sheetal DAIRY
શ્રીખંડ • બાસુંદી
મેંગો મિલ્કશેક, આમરસ
સફેદ ડ્રાયફ્રુટ શ્રીખંડ
સીતાફળ બાસુંદી
કેસર અંગુર બાસુંદી
ક્રીમ સ્ટ્રોબેરી બાસુંદી
આમરસ
આમરસ • મલાઈ પનીર • બાસુંદી • કેસર શ્રીખંડ
સફેદ ડ્રાયફ્રુટ શ્રીખંડ • ક્રીમ સીતાફળ બાસુંદી
શોપ નં.૩, નટરાજ બિલ્ડીંગ, પ્લોટ નં.૪૦૪-એ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સીઆર), મુંબઈ-૪૦૦૦૧૯.
91528 18747 • 91528 18748
www.sheetaldairymatunga.com
Timing : 8.00 am to 9.00 pm
અમારી બીજી કોઈ શાખા નથી
Open all Days
મુલુંડમાં નીચેના સ્થળોએ આમરસ મળશે
નાગરિક ડ્રાયફ્રુટ સ્ટોર
મુનસી ઈસ્ટેટ, એસ.એલ.રોડ, મુલુંડ(વેસ્ટ).
ક્રિષ્ના ડ્રાયફ્રુટ
ભક્તિ માર્ગ, મુલુંડ(વે.).
મામલ ફૂડસ
આર.એચ.બી.રોડ, મુલુંડ(વે.).
ન્યુ મહાલક્ષ્મી ડેરી
તાંબેનગર , મુલુંડ(વે.)
અરિહંત ફૂડ
જે. એન. રોડ, મુલુંડ(વે.).

# કાળઝાળ ગરમીમાં પણ મિહિર કોટેચાનું જનસંપર્ક અભિયાન જોરમાંઃ રેલીઓમાં પબ્લિકની હાજરી મોટી સંખ્યામાં વધી રહી છે

આવી કાળઝાળ ગરમીમાં પણ મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાનું જનસંપર્ક અભિયાન વણથંભ્યું રહ્યું છે અને તેમણે ઘાટકોપર અને મુલુંડ સહિત અનેક વિસ્તારોમાં મોટી રેલીઓ યોજી હતી, જેમાં આમજનતાએ પણ ગરમીની ફિકર કર્યા વિના હિસ્સો લીધો હતો અને ભાજપ તથા નરેન્દ્ર મોદીની જયજયકાર બોલાવી હતી. મિહિર કોટેચાએ અનેક સ્થળે લોકોને સંબોધીને લોકસભાના સભ્ય તરીકે સ્થાનિક સમસ્યાઓના ઉકેલ લાવવાના ખાતરી આપી હતી. રેલીઓ દરમિયાન અનેક જગ્યાએ મહિલા મતદારોએ મિહિર કોટેચાની આરતી ઉતારીને એમને શુભેચ્છાઓ પાઠવી હતી.








## મુલુંડના મુખ્ય વિસ્તારોમાં શનિવારે મિહિર કોટેચાની ભવ્ય પ્રચારયાત્રા નીકળીઃ અગ્રણી નેતાઓ અને અસંખ્ય લોકો સહભાગ લીધો

શનિવારે સાંજે મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાની ભવ્ય પ્રચારયાત્રા મુલુંડના અનેક મુખ્ય વિસ્તારોમાંથી પસાર થઇ હતી અને લોકોએ મિહિર કોટેચાનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. પ્રચારયાત્રા હીરાનગર, સર્વોદય નગર જૈન દેરાસર, જે. એન. રોડ, ગૌશાળા રોડ, પી. કે. રોડ, આર.આર. રોડ, પાંચ રસ્તા થઇને છેવટે દેવીદયાલ રોડ પરના મિહિર કોટેચાના કાર્યાલય પર સમાપ્ત થઇ હતી. આ પ્રચારયાત્રામાં ભૂતપૂર્વ સંસદસભ્ય ડૉ.કિરીટ સોમૈયા, સંસદસભ્ય મનોજ કોટક, મિહિર કોટેચા,માજી નગરસેવક નીલ સોમૈયા, ભૂતપૂર્વ નગરસેવિકા સવિતા કાંબળે વગેરે જેવા અનેક નેતાઓ, પદાધિકારીઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા. માર્ગમાં મહાયુતિના ઘટકપક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યાલય પાસે મનસેના કાર્યકરોએ પણ મિહિર કોટેચાનું સ્વાગત કર્યું હતું.









## ભાંડુપમાં યોજાયેલા મહાયુતિની સંયુક્ત સભામાં ઘટક પક્ષોના નેતાઓએ જોશીલા ભાષણો કર્યા





ગુરુવારે ભાંડુપ પશ્ચિમમાં મહાયુતિની એક મોટી સંયુક્ત સભા યોજાઇ હતી, જેમાં યુતિના બધા જ પક્ષોના નેતાઓ, પદાધિકારીઓ તથા કાર્યકરોએ ભાગ લીધો હતો અને આગામી લોકસભાની ચૂંટણીઓ માટેની સજ્જતા માટેનું આહ્વાન કરવામાં આવ્યું હતું. સભામાં ઉપસ્થિ જનમેદનીએ મહાયુતિના નેતાઓના ભાષણોને વધાવી લીધા હતા.

સભામાં કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલે, મુંબઇ ભાજપના અધ્યક્ષ આશિષ સેલાર, ભાજપના સિનિયર નેતા કિરીટ સોમૈયા, સંસદસભ્ય મનોજ કોટક, ઉત્તર પૂર્વ મતદારક્ષેત્રના ઉમેદવાર મિહિર કોટેચા, વિધાનસભ્ય પરાગ શાહ, રામ કદમ, શિવસેનાના વિધાનસભ્ય દિલીપ લાંડે, ભૂતપૂર્વ પ્રધાન પ્રકાશ મહેતા વગેરે નેતાઓ હાજર રહ્યા હતા. બધા જ નેતાઓએ જોરદાર ભાષણ કર્યા હતા અને નરેન્દ્ર મોદીના વિકસીત ભારતના સપનાનો સંકલ્પ સિદ્ધ કરવાનું આહ્વાન કર્યું હતું. મિહિર કોટેચાએ સભાને સંબોધીને કહ્યું હતું કે હું નરેન્દ્ર મોદીનો સૈનિક છું. મને મત આપીને તમે નરેન્દ્ર મોદીને વડા પ્રધાન બનાવવા માંગો છો કે રાહુલ ગાંધીને?

## રામ નવમીની અનેક ઉજવણીઓમાં મિહિર કોટેચાએ ભાગ લીધો અને ભગવાન શ્રી રામના આશીર્વાદ લીધા





ચૈત્રી નવરાત્રિના નવમા દિવસે એટલે કે બુધવાર તા.૧૭ એપ્રિલ રામ નવમીએ મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ સમગ્ર દિવસ દરમ્યાન ભગવાન રામના અનેક મંદિરોની મુલાકાત લઇને રામજીના દર્શન કર્યા હતા. દિવસના પ્રારંભમાં મિહિર કોટેચાએ પોતાના પરિવાર સાથે મુલુંડ પશ્ચિમમાં આવેલા વિખ્યાત 'બાબાજીની ઝૂંપડી' મંદિરની મુલાકાત લીધી હતી અને ત્યાં થઇ રહેલા રામ જન્મોત્સવની ઉજવણીમાં ભાગ લીધો હતો. મિહિર કોટેચાએ ભગવાન રામના દર્શન કરીને એમના આશીર્વાદ લીધા હતા. ભગવાન રામ પ્રત્યે અસીમ શ્રદ્ધા ધરાવતા મિહિર કોટેચાએ થોડા સમય પહેલા જ મુલુંડના ઐરોલી જંક્શનના એક ચોક પર અયોધ્યાના રામ લલ્લાની મૂર્તિની એક પ્રતિકૃતિની સ્થાપના કરાવી હતી અને એ ચોકને 'મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ ચોક' નામ આપવામાં આવ્યું હતું.

અયોધ્યાના મંદિરમાં રામ લલ્લાની સ્થાપના થઇ એ પછી રામ નવમીની આ પહેલી વાર ઉજવણી થઇ રહી છે અને દેશભરના રામ ભક્તોમાં ધાર્મિક ઉત્સાહની લાગણી છલકાઇ રહી છે. મિહિર કોટેચાએ બુધવારે દિવસભર રામ નવમીની ઉજવણીના અનેક પ્રસંગોમાં હાજરી આપી હતી.

## મતદારોની અપેક્ષાઓ જાણવા મિહિર કોટેચાએ 'માઇક્રો મેનિફેસ્ટો'નો નવો વિચાર અપનાવ્યો

ઉત્તર પૂર્વ લોકસભા મતવિસ્તારના મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ વિધાનસભ્ય તરીકે પોતાના મતવિસ્તારમાં સંતોષકારક કામગીરી કરી છે અને હવે લોકસભાના ઉમેદવાર તરીકે મતદારોની અપેક્ષાઓ જાણવા માટે એક નવો વિચાર અમલમાં મૂક્યો છે. સ્થાનિક વિકાસ માટે મિહિરભાઇ પાસેથી લોકો શી અપેક્ષા રાખે છે એ જણાવવા માટે નાગરિકોને જણાવવામાં આવ્યું છે અને આ વિશે મિહિરભાઇને પોતાના વિચારો ૨૫મી એપ્રિલ સુધી વ્હોટ્સએપ નંબર ૭૦૪૫૪૭૦૦૯૦ પર જણાવવા વિનંતિ કરી છે. સૌ મતદારોના વિચારો જાણ્યા પછી મિહિરભાઇ એક માઇક્રો મેનિફેસ્ટો બહાર પાડશે, જે ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય મેનિફેસ્ટો સાથે સુસંગત હશે અને એને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિકસીત ભારતના રોડ મેપ સાથે જોડી દેવામાં આવશે.

## મુલુંડની સુમતી ધામ સોસાયટીના રહેવાસીઓ સાથે મિહિર કોટેચાએ વાતચીત કરી



વીણાનગરની સુમતી ધામ સોસાયટીના રહેવાસીઓને સંબોધી રહેલા મિહિર કોટેચા

મંગળવારે રાત્રે મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ મુલુંડ પશ્ચિમના વીણાગરની મુલાકાત લીધી અને ત્યાંની કેટલીક સોસાયટીઓની બેઠકમાં હાજરી આપી હતી. મિહિર કોટેચાએ સોસાટીના હોદ્દેદારો તથા રહેવાસીઓ સાથે નરેન્દ્ર મોદીના વિકસીત ભારતના સપનાં વિશે વાત કરી હતી અને લોકસભાની આગામી ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષને ભવ્ય વિજય મળશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



## મિહિર કોટેચા મુલુંડને મોટું રેલવે ટર્મિનસ બનાવવા માંગે છે

ઉત્તર પૂર્વ લોકસભા મતવિસ્તારના મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ સાંસદ તરીકે પોતે શી કામગીરી કરવા માંગે છે એ વિશે જાણકારી આપતાં જણાવ્યું હતુ કે હું મુલુંડને રેલવે ટર્મિનસ બનાવવા માટેના પ્રયાસ કરીશ કારણ કે મુલુંડ અને પરિસરમાં કોંકણ વિસ્તારના ઘણા લોકો રહે છે તો એમને આવી સુવિધા લાભદાયક રહેશે. આ ઉપરાંત અહીંથી કચ્છ તરફ અને ઉત્તર પ્રદેશ તરફની ટ્રેનો પણ શરુ થઇ શકે તો એ લોકોને પણ એનાથી લાભ થશે.

ઇન્ડિય એક્સપ્રેસ અખબારને આપેલી એક મુલાકાતમાં મિહિર કોટેચાએ કહ્યું હતું કે હું કાંજુરમાર્ગ અને દેવનાર ખાતેના ડંપિંગ ગ્રાઉન્ડ્સ બંધ કરાવવાના પ્રયાસ કરીશ, કારણ કે એનાથી સ્થાનિક લોકોને બહુ તકલીફ પડી રહી છે. મિહિર કોટેચાએ કહ્યું હતું કે મુલુંડને હું એક ટુરિઝમ ઝોન બનાવવાનું પણ વિચારી રહ્યો છું અને અન્ય પ્રદેશોમાંથી આવતા પક્ષીઓને અહીં આશરો મળી શકે એવો પાર્ક બનાવવાની મારી યોજના છે.

મિહિર કોટેચાએ કહ્યું હતું આ મારી કેટલીક પ્રાથમિકતાઓ છે, છતાં લોકોની અપેક્ષાઓને ધ્યાનમાં લેવા માટે મેં એમની પાસે સૂચનો મંગાવ્યા છે અને એના આધારે હું મારો છેવટનો મેનિફેસ્ટો તૈયાર કરીશ.

## મહાવીર જયંતિ નિમિત્તે મુલુંડમાં યોજાયેલી ભવ્ય રથયાત્રામાં મિહિર કોટેચાએ ભાગ લઈને મહારાજ સાહેબોના આશીર્વાદ લીધા

જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણ પ્રસંગ નિમિત્તે રવિવારે સવારે, તા. ૨૧મી એપ્રિલના રોજ મુલુંડના બધા ફિરકાઓના સંયુક્ત આયોજન દ્વારા એક ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ પણ હિસ્સો લીધો હતો. રથયાત્રા તાંબેનગરના દેરાસરથી શરૂ થઇને ઝવેર રોડ પરના દેરાસરમાં પૂરી થઇ હતી, જેમાં અસંખ્ય જૈન શ્રાવકોએ ભાગ લીધો હતો. શ્રી મિહિર કોટેચાએ રથયાત્રા દરમિયાન જૈન મહારાજ સાહેબો તથા મહાસતીજીઓના આશીર્વાદ લીધા હતા અને પાવન ધર્મભાવનાનો લાભ લીધો હતો.







## ભાંડુપમાં યોજાયેલી મહાવીર જયંતિની ભવ્ય ઉજવણીમાં પણ મિહિર કોટેચાએ હાજરી આપી

રવિવારે અખિલ ભાંડુપ જૈન સમાજ દ્વારા ભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતિની ઉજવણી થઇ હતી, જેમાં મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ ભાગ લઇને ધર્મભાવપૂર્વક લાભ લીધો હતો. ઉજવણીમાં અસંખ્ય જૈન શ્રાવકો હાજર રહ્યા હતા. આ ઉપરાંત મહાવીર જયંતિની અન્ય ઉજવણીઓમાં પણ મિહિર કોટેચાએ ભાગ લીધો હતો.



## શનિવારે સવારે ઘાટકોપર પૂર્વમાં મિહિર કોટેચાની રેલી યોજાઇ







શનિવારે ઘાટકોપર પૂર્વમાં મિહિર કોટેચાની ભવ્ય પ્રચારયાત્રા યોજાઇ, જેમાં સાંસદ મનોજ કોટક, વિધાનસભ્ય પરાગ શાહ, વિનાયક કામત, ભાજપના જિલ્લા અધ્યક્ષ અશોક રાય, જિલ્લા મહિલા મોરચા અધ્યક્ષા યોજનાતાઇ ઠોકળે વગેરે નેતાઓએ હિસ્સો લીધો હતો. પ્રચાર યાત્રા કોંકણ વૈભવ ચાલથી શરૂ થઇને કામરાજ નગર પોલીસ ચૌકી સર્વિસ રોડ પર સમાપ્ત થઇ હતી.

## વિક્રોલીમાં શુક્રવારે મિહિર કોટેચાની પ્રચાર યાત્રા યોજાઇ





મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ શુક્રવારે સવારે વિક્રોલી જઇને ભૂતપૂર્વ વિધાનસભ્ય મંગેશ સાંગળેને એમના જન્મદિવસ પર અભિનંદન આપ્યા હતા. ત્યાર બાદ તેમણે એક પ્રચારયાત્રામાં ભાગ લીધો હતો. આ પ્રચારયાત્રા ગજાનન મહારાજ ચોકથી શરૂ થઇને કોર્ટ રૂમ, વિક્રોલી પોલીસ સ્ટેશન અને જનતા માર્કેટ થઇને ફરી ગજાનન મહારાજ ચોક પર સમાપ્ત થઇ હતી.

## ઘાટકોપરમાં મિહિર કોટેચાની રેલીમાં ભગવાન રામ, સીતા માતા અને લક્ષ્મણની વેશભૂષાવાળા કલાકારો જોડાયા



શુક્રવારે સાંજે ઘાટકોપર પશ્ચિમમાં મિહિર કોટેચાના પ્રચાર માટે ભવ્ય રેલી કાઢવામાં આવી હતી, જેમાં ભૂતપૂર્વ સંસદસભ્ય કિરીટ સોમૈયા, વર્તમાન સંસદસભ્ય મનોજ કોટક, મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચા, વિધાનસભ્ય રામ કદમ, ભૂતપૂર્વ નગરસેવિકા અશ્વિનીતાઇ મતે અને રિતુતાઇ તાવડે વગેરે નેતાઓ હાજર રહ્યા હતા.

આ રેલીની વિશેષતા એ હતી કે રેલીમાં અનેક કલાકારોએ પ્રભુ રામ, સીતા મૈયા, હનુમાનજી, લક્ષ્મણ વગેરેની વેશભૂષા સજી હતી અને એ રીતે વાતાવરણ એકદમ પવિત્ર બની ગયું હતું. અનેક સ્થળે મહિલાઓએ મિહિર કોટેચાની આરતી ઊતારીને એમના ઓવારણા લીધા હતા.

# શ્રી જલારામ સત્સંગ મંડળ મુલુંડ દ્વારા શ્રી જલારામ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો







શ્રી જલારામ સત્સંગ મંડળ મુલુંડ દ્વારા સવંત ૨૦૮૦ ચૈત્ર સુદ ૯ રામનવમી બુધવાર તા.૧૭ એપ્રિલ ૨૦૨૪ સપરમા દિવસે શ્રી જલારામ પાટોત્સવ ઉજવવાનું શ્રી જલારામ બાપા મંદિર સાંઈ આશાદીપ સોસાયટીની બાજુમાં, રવિ એપાર્ટમેન્ટની સામે, સેવારામ લાલવાણી રોડ, મુલુંડ (વે) ખાતે કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવ દરમ્યાન સંપન્ન થયેલ કાર્યક્રમોમાં નૂતન ધ્વજારોહણ સવારે ૯.૦૦ કલાકે, હોમ હવન પં.શ્રી જય કિશન મહારાજના સાંનિધ્યમાં સવારના ૧૦.૦૦ થી ૧.૦૦ સુધી કરવામાં આવ્યું હતું. ત્રિમૂર્તિ દર્શન તથા દડીયા પ્રસાદની સેવા આખો દિવસ ચાલુ રાખવામાં આવી હતી. ભક્તિ સંગીત ભજન આરાધક શ્રી ઋષભ નાથજી મહારાજ (વિરાર) દ્વારા સાંજના ૬ થી ૧૦ શ્રી જલારામ બાપા તથા શંકરભોલેના ભજન અને રાસ ગરબા આદિનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો લાભ અસંખ્ય ભક્તોએ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન શ્રી જમનાદાસ ડોસાભાઈ ગણાત્રાના હસ્તે સોલર પેનલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. મુલુંડના તમામ સામાજિક તથા રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ પધાર્યા હતા અને દર્શન તથા પ્રસાદરૂપી ભોજનનો લાભ લીધો હતો. સવારના ફરાળી પ્રસાદના. દાતાશ્રી વિજયાબેન પ્રાગજી પવાણી પરિવાર, સાંજના પ્રસાદના દાતાશ્રી સ્વ. નિર્મળાબેન પુરષોત્તમ કાનજી ગણાત્રા પરિવાર તરફથી રાખવામાં આવ્યો હતો. મહાપ્રસાદની વ્યવસ્થા સુવિધા કેટરર્સ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્ય, તથા કાર્યકર્તાઓ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. શ્રી જલારામ ડેન્ટલ ક્લિનિકનું ઉદ્ઘાટનનો કાર્યક્રમ તા. ૧૦ મે ને શુક્રવારે અખાત્રીજના દિવસે રાખેલ છે.










## અત્યાધુનિક જિલ્લા રમતગમત સંકુલ... (૭મા પાનેથી ચાલુ)




રોગચાળા દરમિયાન, કોટેચાએ મુલુંડમાં આ સૂચિત જિલ્લા રમતગમત સંકુલમાં સુવિધાઓ અંગે લોકો પાસેથી સૂચનો માગ્યા હતા. મોટી સંખ્યામાં લોકોએ તેમની અપીલનો પ્રતિસાદ આપ્યો અને મૂલ્યવાન સૂચનો આપ્યા હતા. "લોકોના સૂચનોના આધારે, મેં જિલ્લા રમતગમત સંકુલ માટે સ્વિમિંગ પૂલ, ઇન્ડોર બેડમિન્ટન કોર્ટ, ઇન્ડોર ટેબલ ટેનિસ, તીરંદાજી, જિમ્નેસ્ટિક્સ અને એરોબેટિક્સ માટે સોફ્ટ ફ્લોરિંગ, જિમ્નેશિયમ, કેરમ, વોલીબોલ કોર્ટ અને બાસ્કેટબોલ કોર્ટ જેવી સુવિધાઓની માંગ કરી છે. કોટેચાએ વધુમાં જણાવ્યું હતું કે તેમણે જિલ્લા રમત ગમત સંકુલના વિકાસ માટે સરકાર તરફથી રૂ. ૧૦૦ કરોડની માગણી કરી છે. મારા સતત પ્રયાસો પછી, તે માટે જમીન રમતગમત વિભાગને સોંપવામાં આવી છે. હવે, હું આ પ્રોજેક્ટને ઝડપી બનાવવા માટે રાજ્ય સરકાર સાથે જિલ્લા રમતગમત સંકુલ માટે જરૂરી ભંડોળ પર ફોલોઅપ કરવાનું ચાલુ રાખીશ.

જિલ્લા રમતગમત સંકુલ વિશે વિસ્તૃત માહિતી આપતા કોટેચાએ જણાવ્યું હતું કે, આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ ભારતમાં યુવા ઓલિમ્પિક અને ઓલિમ્પિકની યજમાની કરવાનુંલક્ષ્ય નિર્ધારિત કર્યું છે. તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ પેદા કરવા માટે પ્રયત્નો કરવા મક્કમ છે. મુલુંડમાં જિલ્લા રમતગમત સંકુલ એ દિશામાં એક પ્રયાસ છે. તેનાથી ઉત્તર પૂર્વ મુંબઈના ખેલાડીઓને ફાયદો થશે.

# ઓછા દરે ગુણવત્તાસભર દંતચિકિત્સા માટે એકા ડેન્ટલ કૅઅર





ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ આયુષ્યમાન ભારત યોજનાથી પ્રેરાઈને સચિન કતીરા અને ડો. જીવન શેટ્ટીએ મુલુંડમાં એકા ડેન્ટલ કૅઅર ક્લિનિક શરૂ કર્યુ છે.

આરોગ્યપ્રદ, ઉચ્ચ ગુણવત્તા સભર ડેન્ટલ સારવાર લોકોને ઓછા દરે મળી રહે એવી પહેલ કરી છે. દાંતની દરેક પ્રકારની સારવારના દર એકા ડેન્ટલ કેઅરમાં અન્ય ડેન્ટલ ક્લિનિક કરતા **૬૦% ઓછા** છે. વળી આ ડેન્ટલ ક્લિનિક ની વિશેષતા છે કે **અઠવાડિયાના સાતે દિવસ ખુલ્લું રહે છે.** સોમ થી શનિવાર **સવારના ૮ થી રાતના ૧૧** વાગ્યા સુધી, તેમજ **રવિવારે સવારના ૮ વાગ્યાથી બપોરના ૨** વાગ્યા સુધી ક્લિનિક કાર્યરત રહે છે.

ડો. જીવન ડેન્ટલ ટ્રીટમેન્ટ નો ૧૯ થી વધુ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓ ઓર્થોડેન્ટિસ્ટના નિષ્ણાત છે. તેમણે રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિસ (બેંગ્લોરમાંથી) ઓર્થોડોન્ટીક્સ અને ડેંટોફેશિયલ ઓર્થોપેડિક્સમાં MDS કર્યું છે .એ ઉપરાંત યુનિવર્સિટી ઓફ જેનોવા ઇટાલીથી લેઝર માં ડિપ્લોમા મેળવ્યૂ છે .

જ્યારે સચિન ભારત અને યુ.એસ.માં બ્રાન્ડ બનાવવાનો ૧૫ થી વધુ વર્ષનો અનુભવ ધરાવતા સિરિયલ આંત્રપ્રોન્યોર છે .તેમણે ZOOMIN અને ZOOBOO જેવી સફળ બ્રાન્ડ નું નિર્માણ કર્યું છે સચિન સમાજ પર હકારાત્મક અસર કરે એવી પહેલ કરવામાં દ્રઢ વિશ્વાસ ધરાવે છે. ભૂતકાળમાં તેઓ આકાંક્ષા ફાઉન્ડેશન એનજીઓને નિમ્ન આવક ધરાવતા સમુદાયોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે ફંડ એકત્ર કરવામાં મદદરૂપ થયા હતા.

સચિન અને ડો.જીવનની મુલાકાત એક મેરેથોન ગ્રુપ LIVFIT માં થઈ અને પાંચ વર્ષમાં તેઓ ખૂબ સારા મિત્રો બની ગયા. આવી એક મુલાકાત વખતે ચર્ચા દરમિયાન બંનેને ખ્યાલ આવ્યો કે અહીં આપણે ત્યાં દાંતની સારવાર ખર્ચાળ છે અને સામાન્ય લોકોની પહોંચની બહાર છે.આથી જ ઘણા આવી મોંઘી ટ્રીટમેન્ટ ન લેતા, દાંતનો દુખાવો સહન કરતા રહે છે. આ સમસ્યાના ઉકેલરૂપે એકા ડેન્ટલ કૅઅર શરૂ કરવાનો વિચાર સ્ફૂર્યો.

સંપૂર્ણ સંશોધન અને આયોજન બાદ તેમણે પ્રથમ ક્લિનિક મુલુંડ વેસ્ટ,એમ.જી.રોડ,ગોકુલ હોસ્પિટલ પાસે શરૂ કર્યું.

સચિન અને ડો.જીવન સાથે મળીને ભારતમાં દાંતની સારવારને સૌ કોઈ માટે સસ્તી અને સુલભ અનુકૂળ બનાવી ક્રાંતિ લાવવા માંગે છે .ઉચ્ચ ગુણવત્તાસભર દંત ચિકિત્સા ખર્ચાળ જ હોય અને અમુક લોકો જ તે કરાવી શકે એ ગેરમાન્યતા ને તોડવા માંગે છે. તેમની આ પહેલ 'એકા ડેન્ટલ કૅઅર' ક્લિનિક વિશે આપના પરિવારજનો, મિત્રો આસપાસના લોકો ,કર્મચારીઓ, સૌને જાણ કરી તમે પણ આ પહેલે સફળ બનાવવામાં ભાગીદાર બનો એવી નમ્ર વિનંતી છે.

એકા ડૅન્ટલ કૅઅર

**ટૂંક સમય માટે પહેલું કન્સલ્ટેશન ફ્રી છે.** અપોઈન્ટમેન્ટ લેવા મોબાઈલ નંબર **744 93 744 63**

એકા ડેન્ટલ કૅઅર, મુનશી એસ્ટેટ, એમ.જી.રોડ, મગનલાલ મહેતા એસ્ટેટ એજેન્ટ ઑફિસની ઉપર, ગોકુલ હોસ્પિટલ ની પાસે, મુલુંડ વેસ્ટ. મુંબઈ.

# શ્રી દીપક માવ (Mighty Money) દ્વારા Investor Awareness Program યોજાયો




શ્રી દીપક માવ (Mighty Money) તરફથી તા.૨૦-૦૪-૨૦૨૪ શનિવારનાં રોજ હોટેલ વુડલેન્ડ રિટ્રીટ, કશીષ પાર્ક થાણે ખાતે Investor Awareness programનું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું. આવનારા તમામ લોકોને સાચા અર્થમાં ઇન્વેસ્ટમેન્ટનું મહત્વ તથા ગુડ રીટર્નિંગની સમજણ સરળ શબ્દોમાં આપી હતી. **SIP (સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન)**ની મદદ થી ફોરેન ટ્રીપ, ચાઈલ્ડ એજ્યુકેશન (અબ્રોડ), મેરેજ, ડ્રિમ હોમ ખરીદવા, રીટાર્મેન્ટ પ્લાન તથા પેસીવ ઇન્કમ પણ કેટલી સરળતા થી શક્ય છે તે બાબતે પણ પ્રકાશ પાડ્યો હતો. આથી પણ ખુબ મહત્વની કહી શકાય એવી બાબત કે ઇન્વેસ્ટમેન્ટ માટેનાં ભ્રમને સાચી સમજણ આપી ક્લિયર કર્યા હતાં. SWP પ્લાન ની મહત્વતા સમજાવતા આ પ્લાન દિવસે ને દિવસે વધતી જતી આ મોંઘવારી અને ઘટતા રહેલાં વ્યાજ દરો સામે કેવી રીતે મંથલી ઇન્કમ મેળવી શકાય અને તે પણ ઇન્ફલેશન એડજસ્ટમેન્ટ રીર્ટન સાથે તેની પણ વિસ્તૃત જાણકારી આપી હતી.



આ પ્રોગ્રામ બાદ સૌ સાથે મળી ડિનર લઇ વિખુટા પડ્યા હતા. વધુ જાણકારી તથા યોગ્ય જગ્યા એ મૂડી રોકાણ કરવા **સંપર્ક કરો**


**- શ્રી દિપક માવ Mob.7021675889**
**or www.mightymoney.in**









# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૨૪ એપ્રિલ - ૩૦ એપ્રિલ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** એકલા પડી ગયા છો કે લોકો તમને વીસરી ગયા છે એવી મનોદશા ઊભી થશે. અત્યારે જે છે એનો આનંદ માણો અને ખોટા વિચારોથી દૂર રહો એવી મારી સલાહ છે. ઘરમાં અચાનક સમારકામને પરિણામે અણધાર્યો ખર્ચ પણ આવી પડે એવી સંભાવના છે. પ્રોપર્ટી વેચીને એ પૈસાથી આર્થિક સમસ્યા ઉકેલી શકશો એમ દેખાય છે. કામકાજ સંબંધમાં પ્રવાસની શક્યતા છે. વધુ પડતું કામ કરવું પડે છે એ ખાતર નોકરી બદલવાના વિચારથી દૂર રહેજો. પૈસા અને કામની ચીજો વિશે વિશેષ કાળજી રાખવાનો સમય છે. માતાપિતા સાથેની સમજદારીમાં વધારો થઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** પોઝિટિવ બનો, અન્ય લોકો કરતા પહેલા વિચારો અને ધીરજ રાખો. લાગણીઓ અને પ્રત્યાઘાતો પર નિયંત્રણ રાખો.

**વૃષભ (બ,વ,ઉ) :** અગાઊના નિર્ણયોને વળગી રહેશો તો સમસ્યાઓ સુમેળતાપૂર્વક ઉકેલવામાં સહાયતા મળશે. વધુ પડતી જવાબદારી અને ડેડલાઈનને પહોંચી વળવાની તકેદારીને કારણે મોડે સુધી કામ કરવું પડશે. અત્યારે તમે થોડી ધીરજ રાખો, ઋણ ચુકવવાનો સમય શરૂ થવાની તૈયારીમાં છે. પ્રોપર્ટીની સમસ્યા પર ચર્ચા કરવા માટે હાલનો સમય યોગ્ય જણાય છે. આર્થિક રીતે સધ્ધર બનવા નિયમિત ઈન્વેસ્ટમેન્ટ કરવાની સલાહ છે. સોના-ચાંદીમાં રોકાણ કરવાનો વિચાર સારો છે. અપરિણીતોની મુલાકાત કોઈ રસપ્રદ વ્યક્તિ સાથે થઈ શકે છે. ધીમી ગતિએ આગળ વધી રહેલા કાનૂની કેસનો હવે અંત આવી શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** પોતાના આંતરસૂઝથી સત્ય સમજી શકે એવી વ્યક્તિની સલાહ લેજો.

**મિથુન (ક,છ,ઘ) :** એક લક્ષ સિધ્ધ કર્યા પછી બીજા લક્ષ તરફ આગળ વધવાનો સમય છે. ગમે એટલુ કામ હોય કસરતનું રૂટીન જાળવવાની સલાહ છે. અત્યારની અત્યંત પ્રેક્ટિકલ વિચારધારામાં તમે કરી શકો એના કરતા વધુ ખાતરી ન આપો, અન્યથા આગળ જતા સમસ્યા ઊભી થશે એ નક્કી છે. કામકાજનું દબાણ વધે તો પણ વાતચીત વખતે શું બોલો છો એની કાળજી અવશ્ય લેજો. વિદ્યાર્થી મિત્રો માટે આગળના અભ્યાસનો સમય શરૂ થઈ ગયો છે. એક નવો મિત્ર બનાવો એવી શક્યતા છે. એ મૈત્રી મહત્વના માનવીય મુદ્દાઓ સપાટી પર લાવશે એમ જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** પરિવારના સભ્યો સાથે જે ઊજવણીની લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા એ હવે વાસ્તવિકતા બનશે. પ્રસંગને માણવાની તક ઝડપી લો.

**કર્ક (ડ,હ) :** ભૂતકાળમાં જે બાબતમાંથી આનંદ અને સંતોષ મળ્યા હતા એ માર્ગ પર આગળ વધવા પ્રયાસ કરો. પોઝિટિવ વિચારસરણી ધરાવતા મિત્ર તેમજ સંબંધીઓ સાથે સમય પસાર કરવાની સલાહ છે. અત્યારની ક્ષણોમાં જે જાણીતા કાર્યો છે એ જ હાથ પર લો અને થોડા વખતમાં જ ભવિષ્ય સ્પષ્ટ બની જશે એમ જણાય છે. પરિવારના કેટલાક સભ્યો થોડા દિવસ રજા ગાળવા બહારગામ જવા આતુર છે. જોકે તમારે ઘણા કામ પતાવવાના હોવાથી તમે તેમની સાથે નહીં જઈ શકો એમ દેખાય છે. કાર ખરીદીની લાંબા સમયની ઈચ્છા પૂરી કરવા ગંભીરતાપૂર્વક વિચારી શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** લાગણીવશ ન બનો અને વધુ પડતા ભોળા ન બનો, સમજ્યાને ?

**સિંહ (મ,ટ) :** તમારા વિરોધીઓ અને શત્રુઓ વધી રહ્યા છે. ભવિષ્યના પ્લાન વિશે એકદમ ચૂપકીદી સેવો. માત્ર થોડા વિશ્વાસુ લોકો સાથે જ એની ચર્ચા કરો એવી મારી સલાહ છે. નવા ડાયટ અને કસરતના સમયપત્રકને અનુસરશો તો વિચારોની નવી પધ્ધતિને વિકસાવી શકશો એમ જણાય છે. આગામી થોડા દિવસો લાગણીશીલ નહી, પણ પ્રેક્ટિકલ બનીને કામ કરો. આમ કરવાથી અશક્ય લાગતા કાર્યો પણ પાર પાડી શકશો એ નક્કી છે. અવિવાહિતોને લગ્ન માટે થોડી રાહ જોવાની ભલામણ છે. નોકરીમાં ટ્રાન્સફર માટે તૈયાર રહેજો. **સ્ત્રીવર્ગ માટે :** વર્તમાન પરિસ્થિતિમાં તમને માનસિક શક્તિની જરૂર છે. મુશ્કેલીના સમયમાં તમે બધુ ખામોશીથી સહન કરી લીધું હોવાથી હવે કુદરત એનો અનેક ગણો બદલો આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :** તમે જિદ્દી અને ગુસ્સાવાળા છો. હવે તમારા સ્વભાવને બદલવાનો સમય આવી ગયો છે. મૈત્રીના સંબંધોની સમીક્ષા કરો અને સંબંધોમાં ઊભી થયેલી તિરાડ દૂર કરવા સામે ચાલીને પહેલ કરો. તમારા અભિગમમાં આવેલા આવા બદલાવથી તમારી આસપાસના લોકોને આશ્ચર્ય જરૂર થશે. નવો પ્રોજેક્ટ શરૂ કરો એવી શક્યતા છે. થોડા સમયમાં અગત્યના દસ્તાવેજોની જરૂર પડશે એટલે બધુ હાથવગુ રાખજો. સર્વશક્તિમાન તમારી સાથે જ છે એ વાતને યાદ રાખીને જો સતત પ્રયાસ કરતા રહેશો તો સફળતા અને સમૃધ્ધિ તમારા કદમોમાં હશે એ નક્કી છે. **સ્ત્રીવર્ગ માટે :** પરિવારની અવગણના ન કરો અને બોલતા પહેલા પૂરતો વિચાર કરી લેવાની સલાહ છે.

**તુલા (ર,ત) :** અત્યારે જે આઈડિયા સૂઝતા હોય એને મનમાંજ રાખો અને એમાં ક્યા પ્રકારનો સુધારો કરી શકાય એમ છે એ વિશે વિચારો. તમારી શક્તિને પિછાણવાનો સમય છે અને સાથેસાથે લાંબાગાળાના લક્ષ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ છે. હાલ કામકાજની ડેડલાઈનને પહોંચી વળવુ પડશે. અતિ વ્યસ્તતાથી તમારા જીવનસાથી નારાજ થાય એવી પૂરેપૂરી શક્યતા છે. તમારા માટે સારો હોય એવો ખોરાક લેતા રહેજો અને કામકાજની સાથેસાથે જીવનસાથી માટે પણ સમય ફાળવજો. પ્રવાસમાં એક એવી વ્યક્તિ સાથે મુલાકાત થશે જે પછીથી તમારા માટે ખાસ બની જશે. ટ્રાફિક ન હોય તો પણ વાહન ચલાવવામાં ધ્યાન રાખજો અન્યથા અકસ્માત થશે. **સ્ત્રીવર્ગ માટે :** કરીઅર આગળ વધારવા કદાચ વધુ અભ્યાસ કરવાનું વિચારો એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :** આધ્યાત્મિક વિકાસની શક્યતા છે. તમારા માટે ખાસ હશે એવી કોઈક વ્યક્તિને ગુમાવો એવી શક્યતા છે. એવા આઘાતમાંથી જે દિવ્ય સમજણ પ્રગટશે જે તમને ચેતનાના ઊંચા સ્તર પર લઈ જશે. સમય-સમય પર વાહન કે કારની બ્રેક પણ ચેક કરાવતા રહેજો. વિદેશના પ્રવાસે જવાના હો તો પાસપોર્ટ, અન્ય કિંમતી દસ્તાવેજો અને પૈસાનું અવશ્ય ધ્યાન રાખજો. ઓછું જોખમ તથા સલામત સ્કીમમાં પૈસા રોકો અને આર્થિક સ્થિતિ મજબૂત બનાવો એવી મારી સલાહ છે. યુવાનો માટે એક વર્તમાન સંબંધ માત્ર સારી મૈત્રી માટે યોગ્ય છે. લાગણીશીલતા અને ખાસ પ્રકારના સંબંધ માટે એ પાત્ર યોગ્ય નથી લાગતું. **સ્ત્રીવર્ગ માટે :** એવી પરિસ્થિતિ સર્જાશે જેમાં તમે પ્રિયજનના અંતરની લાગણીઓને સમજી શકશો.


**ધન (ભ,ધ,ફ,ઢ) :** પરિવારનો એક સભ્ય કોઈ બાબતે અશાંત અને ગુસ્સામાં છે. તેની પીડાનું સાચુ કારણ જાણવા પ્રયાસ કરો અને પછી તેને મદદ કરવા આગળ વધો. નવા ઘરમાં કેવુ ઈન્ટિરિયર કરવું અને કેવો કલર કરવો એ અત્યારથી નક્કી કરવાનો આઈડિયા સારો છે. આગામી સમયમાં નસીબ યારી આપી રહ્યાનું કે નસીબ બદલાયાનું લાગશે. આ સમયમાં પ્રવાસની ઈચ્છા પૂરી કરી શકશો એમ દેખાય છે. જરા પણ શરદી-ખાંસી જેવું લાગે તો તરત ડોક્ટરી સારવાર લેવાની સલાહ છે. યોગ્ય ડાયટ જાળવો, નિયમિત કસરત કરો અને રોજ ઓછામાં ઓછી આઠ કલાક ઊંઘ લો, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** અચાનક કરેલી ખરીદી ધારણા કરતા વધુ આનંદ આપશે.

**મકર (ખ,જ) :** તમે જેવા છો તેવા સ્વીકારી લેતા લોકો તરફથી પ્રેમાળ અભિગમની અપેક્ષા રાખી શકો છો. શહેર બહારનો એક પ્રવાસ વિલંબમાં મુકાયો હોય તો એ સમયનો ઉપયોગ અગત્યના મુદ્દાઓ ઉકેલવા કરો. પુષ્કળ કામ પાર પાડવાનું હશે એમ દેખાય છે. સફળતાની ખાતરી રાખો. ધાર્યું નહી હોય એવા વર્તુળમાંથી મદદ મળતા આત્મવિશ્વાસ વધશે. તમારી અત્યંત વ્યસ્તતાને કારણે પરિવારના સભ્યો નારાજ ન બને એની કાળજી અવશ્ય લેજો. તમારી કાળજી લેતા હોય તેમની સાથેના અભિગમમાં બદલાવ લાવો એવી મારી સલાહ છે. થોડા વખત પછી વાહન ખરીદવાનો વિચાર સારો છે. તકલીફ થાય એવો ખોરાક લેવાનું ટાળો. **સ્ત્રીવર્ગ માટે :** કેટલાક સત્યો જાણવા આ સમય યોગ્ય જણાય છે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** ગાઢ રીતે ઓળખતા હશો એવી કોઈ વ્યક્તિ સાથેની સમજૂતી ઉપરછલ્લી હશે. શુભ આશય ધરાવતા મિત્રોની સલાહ સાંભળશો તો સત્ય શું છે એ જાણવામાં સહાયતા મળશે. ચોકસાઈપૂર્વક કામ કરવાની તમારામાં આવડત તો છે, માત્ર કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. જીવનમાં મોટા પરિવર્તન માટે તૈયાર રહેજો. જોકે મળતી તકોનો કેવો ઉપયોગ કરો છો એના પર એ પરિવર્તનનો આધાર છે. નોકરીમાં બઢતી મળતી હોય તો બીજા જોબની ઓફર નકારી કાઢજો. નિવાસસ્થાન બદલો કે અન્યત્ર રહેવા જાઓ એવી પ્રબળ શક્યતા છે. ખાવાપીવામાં વિશેષ કાળજી રાખજો. **સ્ત્રીવર્ગ માટે :** પરિવારમાં ઘર્ષણ લાવે એવી દલીલો ટાળવાની સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** વધુ પડતા જિદ્દી ન બનો અને બદલાતા સમય સાથે આગળ વધતા રહો. સમતુલા જાળવવા તમારે પરિવારના સભ્યો પ્રત્યે ન્યાયી અને યોગ્ય રીતે વર્તવું જોઈએ. તેમની સાથે સમસ્યાની ચર્ચા કરવા અને તેમની મુશ્કેલી સમજવા તૈયાર રહો એવી મારી સલાહ છે. બેદરકાર રહેશો તો ફાઈનેન્સના મુદ્દાઓમાં ફસાઈ જાવ એવી શક્યતા છે. કોઈપણ નવા સંબંધમાં સામેની વ્યક્તિને બરાબર ઓળખી ન લો ત્યાં સુધી એમના પર આંધળો વિશ્વાસ ન મૂકો. કેટલાક નાનકડા પ્રવાસોનું પરિણામ મનને પ્રસન્ન બનાવશે અને ભવિષ્યની કામગીરી માટેનો માર્ગ સ્પષ્ટ બનશે. એક વડીલના સૂચનને ખાસ ધ્યાનમાં લેજો. **સ્ત્રીવર્ગ માટે :** ઝઘડી રહેલી બે વ્યક્તિઓ વચ્ચે સુલેહ કરવાનો પ્રયાસ કરતા કોઈ રસપ્રદ મુદ્દો જાણવા મળી શકે છે.

# Heat Stroke હિટ-સ્ટ્રોક



• જ્યારે બહારનું તાપમાન વધારે હોય, હવામાનમાં ભેજ વધારે હોય, પરસેવો ઓછું નીકળતું હોય, પાણી, નમક શરીરમાં ઓછા જતા હોય ત્યારે ગરમીને લીધે બીમારીઓ, ફરિયાદો થાય છે.

• વધારે ગરમ વાતાવરણમાં વધારે અને લાંબા સમય સુધી શ્રમ, શારીરિક પ્રવૃત્તિઓ, કસરતોને લીધે સ્નાયુઓનું સંકોચન, હલન ચલન વપરાશ સાથે બીજી બીમારીઓ હોય, વધતી ઉંમર, પેશાબ વધારે થાય, બ્લડ પ્રેશર ઓછું કરવા (B-Blockers), માનસિક રોગ દવાઓ, નશીલી દવાઓ, ઊંઘવાની દવાઓ, દારૂ, શરદી-ખાંસી, એલર્જી દવાનું સેવન, મજૂરો, પોલીસ, મિલિટર ટ્રેનીંગ, કોલેજ, શાળા, મોટી હરીફાઈમાં ભાગ લેનારા રમત-ગમતના ખેલાડીઓ, ફેરીયાઓ, શહેરમાં અતિ ગીચતાના લીધે, ગરીબીમાં રહેતા એકલદોકલ, અશક્તો, વૃધ્ધો, યુવાનો, હવાનું આવનજાવન ઓછું અથવા ન હોય વગેરે જેવા સંજોગામા Heat Stroke (હિટ સ્ટ્રોક)ની વિપરીત અસર ઝડપી થાય છે.

૧) પગની પિંડીમાં તીવ્ર દુઃખાવો (Muscle-Calf Cramps) (નમક ઓછું થવાના લીધે)

૨) રક્તનળી ફૂલી જવાથી Fatigue-Fainting (થાક-ચક્કર આવવા)

૩) શ્રમ ચાલુ જ રાખતા શરીરમાં પાણી+નમક+સાકરની બરોબર ભરપાઈ ન થાય તો અંદરનું તાપમાન (૧૦૪-૧૦૬..૨)થી પણ વધારે વધે છે જેને Heat Stroke કહેવાય છે.

૪) શરીરના બધા Cells અને ખાસ કરીને મગજના જ્ઞાનતંતુના Cells ને વધારે તાપમાનની બહુજ ઝડપી વિપરિત નુકશાનકાર અસર ઉપજે છે. પછી બીજા મહત્વના અવયવો ફેફસા, લીવર, હૃદય, કિડની, રક્ત, રક્તનળીને અસર કરે છે. દર્દી થાકીને લોથપોથ થઈ બેભાન થઈ જાય છે. મૃત્યુ સંભવે છે. Heat Strokeને ટાળવું જ મહત્વનું પગલું રહેશે. સામાન્ય અને મેડિકલ શિક્ષણ-પ્રશિક્ષણ ટાળવામાં વધારે મદદ કરે છે.

ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબ ઈલાજ કરી શકાય છે.

• ગરમીમાં લાંબા સમયમાં શ્રમ કરવાનું ટાળવું. વચ્ચે વચ્ચે આરામ કરવું.

• ઠંડા વાતાવરણ, જગાએ બેસવું, સૂવું (હાથ, સીલીંગ ફેન, એસીનો ભરપૂર વપરાશ કરવું)

• રોજના તમારા અંદાજીત (2½ થી 3) લીટર પાણી સાથે રોજ ૪-૬ ગ્લાસ (નમક+સાકર+પાણી) યુક્ત લીંબુ શરબત, છાશ, Electral Powder જેવું પાઉડર યુક્ત પીણું, ફળ, જ્યુસ લેવાથી dehydration Avoid (ટાળી શકાય છે)

• પ્રાથમિક ઈલાજમાં (હોસ્પિટ સુધી પહોંચે પહેલા)

- બહુજ ઝડપી ઠંડા વાતાવરણમાં ખસેડવું.
- કપડા કાઢી નાખવા
- શરીર ઉપર પાણી, બરફવાળું પાણી રેડતા રહેવું.
- ઠંડા બરફવાળા પાણીમાં પેટ, છાતી, પેડુના ભાગ ટબ (Tube) માં ડૂબાડવું.
- ગળા, બગલ, સાથળના ભાગે બરફની થેલી મૂકવી.
- એરકંડીશન ઓરડામાં જઈ જવું.
- મોઢા/ગુદા (Oral-Rectum) નું તાપમાન દર ૫-૧૦ મિનિટે માપતા રહેવું.
- હોસ્પિટલમાં તો IV Normal Saline/Lactated Ringer's અને અન્ય ઈલાજ જીવ બચાવવામાં બહુજ મદદ કરે.

હાલમાં દેશ અને મુંબઈમાં Heat wave-stroke નો પ્રભાવ છે.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

## સોચ બદલો મુલુંડ બદલેગા દ્વારા

### તીવ્ર ઉનાળામાં પશુ-પક્ષીઓને રાહત આપવા પાણી પરબ મોહિમ શરૂ કરાઈ





સોચ બદલો મુલુંડ બદલેગા સેવા ગ્રુપ દ્વારા ઉનાળાની તીવ્ર ગરમી અને તાપમાં બેજાન પશુ અને પક્ષીઓ પાણી માટે તરસી રહ્યાં છે. તેમની પ્રત્યે સંવેદના ધરાવી સ્થાનિક મુલુંડના સેવા અગ્રણી સમાજસેવક નલિનભાઈ શાહની પ્રેરણાથી સંગઠનના સ્થાપક અને કન્વીનર શુલભ જૈન દ્વારા પશુ પક્ષીઓ માટે પાણીની પ્યાઉ લગાવવાની ઝૂંબેશ ચલાવાઈ રહી છે.

આ અભિયાન દ્વારા મુલુંડના બગીચા, મેદાન તેમજ જાહેર રસ્તાઓ, ઝાડીઓમાં પાણીના કૂંડા મૂકાઈ રહ્યાં છે અને તેમાં પાણી ભરેલું રહે એવી વ્યવસ્થા કરાઈ છે. જેનો ઉપયોગ કરી મૂક પ્રાણી-પક્ષીઓ પોતાની તરસ છીપાવી શકે.

તદ્‌ઉપરાંત મુલુંડના નાગરિકોને મફતમાં કૂંડાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જે ઘરની બારી-બારણા બહાર લગાવવાની વ્યવસ્થા કરી પક્ષીઓની તરસ છીપાવી શકે એવી સુવિધા કરી શકે છે. પાણીના કૂંડા મેળવવા અને વધુ માહિતી માટે સંપર્ક જનસેવક શુલભ જૈન-૮૮૭૯૩૯૩૬૭૮

## શ્રી મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે યોજાયેલ રથયાત્રામાં વિવિધ અગ્રણીઓની ઉપસ્થિતિ



રવિવાર, તા.૨૧ એપ્રિલના રોજ શ્રી મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે શ્રી મુલુંડ જૈન મહાસંઘ દ્વારા નીકળેલી શોભાયાત્રા પૂર્વે જૈન અગ્રણીઓમાં નલીનભાઈ આર.કે.શાહ, પંકજભાઈ છેડા, મનીષ શેઠ, અમિત મહેતા, સમીરભાઈ, ભાવેશભાઈ તેમજ અન્યો



શ્રી મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે શ્રી મુલુંડ જૈન મહાસંઘ દ્વારા નીકળેલી રથયાત્રાને લીલી ઝંડી દર્શાવીને પ્રારંભ કરાવ્યો



સુખરાજજી નાયર સાથે મા.નગરસેવક પ્રકાશ ગંગાધરે, મનિષભાઈ શાહ, પંકજભાઈ છેડા, અરવિંદભાઈ જૈન તેમજ અન્યો



મુલુંડ પોલીસ સ્ટેશનના ક્રાઈમ પીઆઈ આદિનાથ ગાવડે તેમજ તેમની ટીમે શ્રી મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે રથયાત્રાની કામગીરી સારી રીતે પાર પાડી હતી

## લોકસભાના લોકપ્રિય ઉમેદવાર મિહિર કોટેચાની આજે પ્રચારયાત્રા દરમ્યાન રામજી કી રોટી સેન્ટર દ્વારા ભવ્ય સ્વાગત કરાશે

જનસંપર્ક અભિયાનના એક ભાગરૂપે લોકચાહના પ્રાપ્ત લોકસભા ચૂંટણીના ઉમેદવાર મિહિર કોટેચાની આજે બુધવાર, તા.૨૪-૪-૨૦૨૪ના રોજ પ્રચારયાત્રા મુલુંડ (પ.)ના રાજમાર્ગોથી વિચરશે. એન.એસ. રોડ, વિશ્વ મોહિની બિલ્ડીંગ સ્થિત રામજી કી રોટી સેન્ટર ખાતે મિહિર કોટેચાનું ઢોલ- શરણાઈ સાથે સવારના ૧૧.૩૦ની આસપાસ ભવ્ય સ્વાગત કરવામાં આવશે. રામજી કી રોટીના પ્રણેતા ધીરજ મહારાજ, હર્ષ મહારાજ દ્વારા શાસ્ત્રોચ્ચાર સાથે લોકસભાની ચૂંટણીમાં સફળતાની શુભેચ્છા એમને આપવામાં આવશે. ટ્રસ્ટી લાલજી સર સાથે શુભેચ્છકો સમાજ અગ્રણી હિરાલાલભાઈ મૃગ અને ધ વોઈસ ઓફ ઈન્ડિયાના પ્રકાશ ચંદેએ વ્યવસ્થાપનની જવાબદારી સંભાળી છે.

## આગામી શૈક્ષણિક વર્ષનો પ્રારંભ ૧૫મી જૂનથી

સ્ટેટ બોર્ડની તમામ શાળામાં ગુરૂવાર, બીજી મેથી રજા જાહેર કરવામાં આવી છે. વિદર્ભ જિલ્લાને બાદ કરતાં તમામ શાળા ૧૫મી જૂનના રોજ સ્ટેટ બોર્ડની તમામ વિભાગની શાળા ખૂલશે. પ્રાઈમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશનના ડિરેક્ટરે સંયુક્ત સર્ક્યુલર દ્વારા આ માહિતી મીડિયાને આપી હતી. વિદર્ભમાં ઉષ્ણતામાનનો પારો જૂન મહિનામાં ઊંચે રહેતો હોવાને કારણે અહીંની શાળા પહેલી જુલાઈથી ખૂલશે, એવું સર્ક્યુલરમાં જણાવવામાં આવ્યું છે.


Mulund (East)

Discounted Health Checkup

BLOOD TEST PACKAGE

AT Rs.1990/- only

TEST

- CBC
- T3, T4, TSH
- VIT. B12
- VIT. D3
- HbA1c
- LIPID PROFILE
- Fasting Bl. Sugar
- S. Creatinine
- S.G.P.T.

Note : Special Discount on other Blood Test Also

Mulund (East)

SINCE 1963

NEAR RLY. STATION

@Dr.JAYANT MANDOT

Pathology Lab

Mulund (East).

Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T.Road, Mulund (East).

Home Visit Available in Mulund

Contact : 022-2163 7380, 87792 00271

# શ્રી મુલુંડ જૈન મહાસંઘ દ્વારા મુલુંડમાં પરમાત્મા મહાવીર સ્વામિ ભગવાનના ૨૫૫૦માં જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્ય રથયાત્રા સાનંદ સંપન્ન





શ્રી મુલુંડ મહાસંઘ દ્વારા પ્રતિવર્ષ પરમાત્મા મહાવીર સ્વામિ ભગવાનના જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્યાતિભવ્ય ચારેય ફિરકાઓ દ્વારા રથયાત્રાનું આયોજન થતું હોય છે. તેવી જ રીતે આ વર્ષે પણ આ ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું અને સવારના ૮.૩૦ કલાકે શ્રી શાસનસમ્રાટ શ્વે.મૂ.પૂ.જૈન સંઘ તાંબેનગરથી રથયાત્રાનું પ્રસ્થાન થયેલ હતું. પ્રસ્થાન સમયે આચાર્ય ભગવંત કી હિતવર્ધન સૂરિશ્વરજી મ.સા.ના મુખેથી માંગલિક સંભળાવીને અને વિવિધ જૈન સંઘના મહાનુભાવો દ્વારા ગ્રીન ધજા ફરકાવીને રથયાત્રાની શુભ શરૂઆત કરવામાં આવેલ હતી. રથયાત્રાની શરૂઆત પહેલાં તાંબેનગર જૈન સંઘમાં નવકારશીની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. રથયાત્રામાં અનેક જૈન સમાજના મહાનુભાવો



પહેલેથી છેલ્લે સુધી પધારેલ હતા. રથયાત્રા દરમિયાન ઠેર-ઠેર જગ્યાએ ગહુલી રંગોળી વિ. કાઢવામાં આવેલ હતી. મુલુંડના વિવિધમહિલા મંડળ તથા ભાઈઓના મંડળના કાર્યકરો પધારેલ હતા.

વરઘોડાના રૂટ મુજબ તાંબેનગરથી પ્રયાણ કરીને સ્ટેશન, એન.એસ.રોડ, વર્ધમાન નગર, એમ.જી.રોડ, પાંચ રસ્તાથી પી.કે.રોડ, ડૉ. આંબેડકર રોડ, ગણેશ ગાવડે રોડ, ઝવેર રોડ સુધી ચાલેલ હતો. રથયાત્રામાં વિવિધ સંઘમાં બિરાજમાન ૫ ૂ.સાધુ ભગવંતો તથા પૂ.સાધ્વીજી ભગવંતોની પ્રેરક ઉપસ્થિતિ હતી. રથયાત્રા દરમિયાન લોકપ્રિય સાંસદથી મનોજભાઈ









# શ્રી મુલુંડ જૈન મહાસંઘ દ્વારા મુલુંડમાં પરમાત્મા મહાવીર સ્વામિ ભગવાનના ૨૫૫૦માં જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્ય રથયાત્રા સાનંદ સંપન્ન

કોટક તથા મુલુંડના ધારાસભ્ય શ્રી અને આગામી સાંસદના ભા.જ.પ.ના ઉમેદવાર શ્રી મિહિરભાઈ કોટેચા તથા ભૂ.પૂ.નગરસેવક શ્રી પ્રકાશભાઈ ગંગાધરે, સમિતાબેન કાંબળે વિ. પધારેલ હતા. રસ્તામાં વિવિધ સ્થળે સાકરના પાણી, શરબત તથા છાશની વ્યવસ્થા અલગ-અલગ મંડળ દ્વારા રાખવામાં આવેલ હતી. વરઘોડા દરમિયાન દરેક પાઠ શાળાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ વેશભૂષામાં જોડાયેલ હતા તેમજ સાયકલ લઈને બાળકો જોડાયેલ હતા. શ્રી શાસનસમ્રાટ બેન્ડ તથા શ્રી વર્ધમાન નગર જૈન સંઘનું બેન્ડ તથા વિવિધ બેન્ડ પાર્ટી, ઢોલી શરણાઈ લાઈવ સંગીત વિ. રાખવામાં આવેલ હતું. તેમજ દિક્ષાર્થી પણ જોડાયેલ હતા.

વરઘોડાના લાભાર્થી શેઠશ્રી મણીલાલ લક્ષ્મીચંદ શાહ (ઠળીયાવાળા) તથા માતુશ્રી મંછાબેન રમણિકલાલ કુંવરજીભાઈ શાહ (આરકે) પાલિતાણાવાળા એ લાભ લીધેલ હતો. તેમજ પ્રભાવનાના લાભાર્થી માતુશ્રી હસુમતીબેન ઉત્તમચંદ શાહ (દિહોરવાળા) તથા કલ્યાણ મિત્રોએ લાભ લીધેલ હતો.





વરઘોડા દરમિયાન શ્રી મુલુંડ મહા સંઘના શ્રી સુખરાજજી નાહર, દિપકભાઈ ગોસર, ચેતનભાઈ શાહ, ચેતનભાઈ દેઢિયા, નલિનભાઈ શા, પ્રફુલ્લભાઈ ઠળીયાવાળા તથા દરેક સંઘના ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકરો જોડાયેલ હતા. જીગ્નેશભાઈ દોશી તથા ચિરાગભાઈ દોશીએ વરઘોડાનું સુંદર આયોજનમાં સાથ સહકાર આપેલ હતો. પરમાત્માના રથને શ્રી સંઘના શ્રાવકોએ ખેંચેલ હતો.



વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડ પર રથયાત્રાનું સમાપન થયેલ હતું. તેમજ મુલુંડના જૈનોએ પોતાનો વ્યવસાય રથયાત્રાની પૂર્ણાહૂતિ સુધી બંધ રાખેલ હતો. આમ આ રથયાત્રા ખૂબજ આનંદ ઉલ્હાસપૂર્વક સંપન્ન થયેલ હતી.












# રૂણવાલ ગ્રીન્સમાં નવપદજીની ઓળી સાથે શ્રી મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય રથયાત્રા યોજાઈ



રૂણવાલ ગ્રીન્સમાં ૨૦૦થી અધિક જૈન પરિવારએ રવિવાર, તા.૨૧ એપ્રિલ ના સવારના 'એસ' લેવલ ઉપર શ્રી મહાવીર જન્મ કલ્યાણકના પાવન અવસર પર ભવ્ય રથયાત્રા નિકળી હતી.

રૂણવાલ ગ્રીન્સ શ્રી આદીશ્વર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના નેજા હેઠળ નીકળેલ રથયાત્રામાં ભગવાનનો ભવ્ય રથ, ઈંદ્ર રથ, ભગવાનના સંસારીક પરિવારની બગ્ગી, ભગવાનએ સ્થાપેલ ચતુર્વિધ સંઘની બગ્ગી અને સંઘના બચ્ચા માટે એક બગ્ગી એમ કુલ ૩ બગ્ગીની સાથે નાશિક ઢોલ, પરંપરાગત ઢોલી શેહનાઈ,








રંગોલી, શાસન ધ્વજ, શ્રાવકો સાફામાં અને શ્રાવિક બેડા સાથે સજ્જ હતા. રથયાત્રા પછી શ્રી સંઘ માટે નવકારશી રાખેલ હતી.

રૂણવાલ ગ્રીન્સમાં ચૈત્ર માસીની નવપદજીની ઓળીની પણ સુંદર આરાધના ચાલી રહેલ છે. રોજના ૫૦ આયંબિલ સાથે અંદાજે ૪૦ ઓળીના તપસ્વી સુંદર આરાધના કરી રહ્યાં છે.

શ્રી સંઘ રથયાત્રા એવં આયંબિલ ઓળીના લાભાર્થી પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. મૂલનાયક શ્રી આદિનાથ દાદાની કૃપાથી સંઘ ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહ્યો છે.

## ડાયાબિટીક રેટિનોપથી




*આંખનું જતનના અગાઉના લેખોમાં આપણે જાણ્યું તેમ યોગ્ય સમયે જો ડાયાબિટીસની સારવાર કરવામાં ન આવે તો આંખોની અનેક સમસ્યાઓ સર્જાઈ શકે છે. ડાયાબિટીક રેટિનોપથીએવી જ એક સમસ્યા છે જેની સમયસર સારવાર કરવામાં ન આવે તો દષ્ટિમાં ઝાંખપ અથવા અંધાપો આવી શકે છે. આંખનું જતન લેખમાળાના આજના મણકામાં મુલુંડની પ્રખ્યાત અને આધુનિક સુવિધાઓથી સજ્જ આંખની હોસ્પિટલ 'આઈ હિલ'ના ડો. કૌશલ શાહ ડાયાબિટીક રેટિનોપથીઅંગે પ્રશ્નોત્તરી રૂપે ઉપયોગી જાણકારી આપે છે.*

***ડાયાબિટીક રેટિનોપથી એટલે શું?***

*ડાયાબિટીક રેટિનોપથી એ એક એવી પરિસ્થિતિ છે જેમાં ડાયાબિટીસને કારણે લોહીમાં સુગરનું પ્રમાણ વધી જવાથી રેટિનાના (નેત્રપટલ) ને ઓક્સિજન અને પોષક તત્વો પહોંચાડતી રક્તવાહિનીઓ સુઝી જાય છે અને ધીમે ધીમે ક્ષીણ થઈને તેમાંથી લોહી નીકળવા લાગે છે. આ સ્થિતિનું વહેલું નિદાન ન થાય તો આ ફેરફારો ગંભીર સ્વરૂપ લઈ શકે છે અને તે નેત્રપટલને અસર કરતાં વ્યક્તિને દષ્ટિનું નુકસાન થાય છે અથવા દ્રષ્ટિ ગુમાવવાની શક્યતા રહે છે.*

***કોને ડાયાબિટીક રેટિનોપથી થવાનું જોખમ વધુ હોય છે?***

*જેમના લોહીમાં સુગરનું લેવલ વધઘટ થતું હોય અથવા સુગર લેવલ અનિયંત્રિત હોય, જેમના કુટુંબમાં અનુવાંશિક રીતે ડાયાબિટીક રેટિનોપથી થતી હોય, લોહીનું ઊંચું દબાણ અથવા હાયપરટેન્શન હોય, જે વધુ પડતું ધૂમ્રપાન કરતા હોય (ચેઈન સ્મોકર્સ), જેઓ વધુ પડતા સ્થૂળ હોય તેમને ડાયાબિટીક રેટિનોપથી થવાનું જોખમ વધારે હોય છે.*

***ડાયાબિટીક રેટિનોપથીના લક્ષણો શું છે?***

*તમને ડાયાબિટીક રેટિનોપથી થઇ હોવાના કોઈ જ લક્ષણો ન હોય એવી પણ શક્યતા છે. અથવા તમારી દષ્ટિમાં ઝાંખપ આવી જાય કે ફ્લોટર્સ થાય. તે છતાં તમારી દષ્ટિ સારી હોય તો નેત્રપટલ (રેટિના)માં બધું બરાબર છે એમ ધારી લેવું નહીં.*

***ડાયાબિટીક રેટિનોપથીના કેટલા પ્રકાર છે?***

*ડાયાબિટીક રેટિનોપથીના મુખ્યત્વે બે પ્રકાર છે.*

*૧) **નોન-પ્રોલિફરેટીવઃ** આ ડાયાબિટીક રેટિનોપથીનો શરૂઆતનો તબક્કો છે જેમાં રેટિનાને ઓક્સિજન અને પોષણ પૂરું પાડતી નાની રક્તવાહિનીઓ તૂટી જાય છે અને તેમાંથી લોહી લીક થવા માડે છે.*

*૨) **પ્રોલિફરેટીવઃ** પ્રોલિફરેટીવ ડાયાબિટીક રેટિનોપથીમાં રેટિનાની અંદર અસામાન્ય રીતે નવી રક્તવાહિનીઓ વૃદ્ધિ પામે છે અને જો સમયસર સારવાર કરવામાં ન આવે તો સંપૂર્ણપણે દષ્ટિ ગુમાવવાની શક્યતા રહે છે.*

***શું ડાયાબિટીક રેટિનોપથી સંપૂર્ણપણે મટી શકે છે?***

*ના, ડાયાબિટીક રેટિનોપથીને સંપૂર્ણપણે મટાડી શકાતી નથી. પરંતુ જો વહેલું નિદાન અને સારવાર શરૂ થાય તો ડાયાબિટીક રેટિનોપથીના ફેલાવાને ધીમો પાડી શકાય છે. ડાયાબિટીક રેટિનોપથીને લીધે દષ્ટિને થયેલી અસરને પુર્ન સ્થાપિત કરી શકાતી નથી.*

***ડાયાબિટીક રેટિનોપથીની સારવાર અને સંભાળ શું છે?***

- *ડાયાબિટીસના દર્દીઓએ ડાયાબિટીક રેટિનોપથી માટે નિયમિત આંખની તપાસ કરાવતાં રહેવું જોઈએ. તેમને લોહીમાં સુગરનું લેવલ નિયંત્રણમાં રાખવું જોઈએ, ડાયાબિટીસ માટેની (ઓરલ) દવાઓ નિયમિત લેતાં રહેવું જોઈએ, બ્લડ પ્રેશર નિયંત્રણમાં રાખવું જોઈએ. ધૂમ્રપાન અને દારૂનું સેવન ટાળવું જોઈએ. શરીરનું વજન ન વધવા દો, નિયમિત વ્યાયામ કરવાથી વજન પણ ઘટે અને ડાયાબિટીસ પણ નિયંત્રણમાં રહે છે.આ ઉપરાંત નેત્રપટલની રક્તવાહિનીઓમાં લીકેજ હોય તો લેઝર વડે તેનો ઉપચાર કરી શકાય છે.*




## ગરમીની મોસમમાં સ્વાસ્થ્યની સંભાળ

ઉનાળાએ શરૂઆતાના દિવસોમાં જ ઉગ્ર રૂપ ધારણ કર્યું છે ગરમીની ઋતુ શરૂ થાય એટલે સ્વાસ્થ્યનું જો ધ્યાન રાખાવામાં આવે તો ઘણી તકલીફો સહન કરવી પડતી હોય છે. આ સમયગાળામાં તંદુરસ્તી જાળવવી એક પડકાર બની રહેતો હોય છે. ખાસ કરીને સ્ત્રીવર્ગ માટે, કારણ કે પરિવારના સભ્યોની સંભાળ રાખવામાં પોતાનાં સ્વાસ્થ્ય પર પૂરતુ ધ્યાન આપતી નથી અને ખાવા પીવામાં લાપરવાહી રાખીને જાણે અજાણે બીમારીને નોતરું આપતી હોય છે. ગરમીની સિઝનમાં આવી બધી સમસ્યાઓથી બચવા માટે મહિલાએ પોતાના ડાયેટમાં થોડો ફેરફાર કરવો જોઈએ, ઉપરાંત ગરમીમાં શરીરમાં પાણીની ઊણપ થતી હોય છે. જો તેને નજરઅંદાજ કરવામાં આવે તો ડિહાઈડ્રેશન પણ થઇ શકે છે. આથી, પૂરતાં પાણીની સાથે એવા પ્રકારનો ખોરાક લેવો જોઇએ, જેનાથી શરીરને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે. જાણીએ ક્યા પ્રકારના ખોરાકનો દૈનિકમાં સમાવેશ કરવો.

- ગરમીની ઋતુમાં સવારના નાસ્તામાં ફણગાવેલા કઠોળ ઘણા ફાયદાકારક સાબિત થાય છે અને દિવસભર કામ કરવા માટે એનર્જી પૂરી પાડે છે. ઉપરાંત, શરીરને હાઈડ્રેટ રાખવામાં પણ મદદ કરે છે. તેમાં મગ, ચણા વિગેરેનો સમાવેશ કરી શકો છો. મગફળી પણ લાભદાયી છે.
- બપોરના અને રાતના ભોજનમાં સલાડ વધુ લ્યો, જે તમને ગરમીમાં સ્વસ્થ રાખશે. ખાસ કરીને ખીરા કાકડીનો સલાડ જરૂર ખાશો. તેનાથી પાચનક્રિયા તો સુધરશે, સાથોસાથ પેટ સહિત સંપૂર્ણ શરીરને ઠંડક આપશે.
- નાળિયેર પાણી એ ઉનાળામાં સૌથી તંદુરસ્ત દેશી એનર્જી ડ્રિન્ક છે. તે શરીરમાં ઇલેક્ટ્રોલાઇટ્સ અને ન્યુટ્રિએન્ટ્સની ઊણપને દૂર કરે છે. શરીરને હાઇડ્રેટ રાખે છે અને પેટને પણ ઠંડક પહોંચાડે છે.
- ગરમીમાં હળવો ખોરાક ખાવો શ્રેષ્ઠ છે. ભોજનમાં દહીં અને દહીંથી બનેલી વાનગીઓ જેવી કે રાયતાં, લસ્સી વિગેરે લેવાં જોઇએ. તે શરીરને તંદુરસ્ત રાખવામાં ઉપયોગી છે.
- ઉનાળામાં સૌથી વધુ ખતરો લૂ લાગવાનો હોય છે. તેનાથી બચવા માટે આમપન્ના (કાચી કેરીનું પીણું) એક પારંપરિક ઘરેલુ નુસખો છે. તેનાથી શરીરને વિટામિન સી, એ અને ઈ મળે છે. (સંકલિત)

## બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર તરફથી વિશેષ સમર કેમ્પનું આયોજન

બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર તરફથી વિશેષ સમર કેમ્પનું આયોજન તા.૧૩, ૧૪, ૧૫ મે ૨૦૨૪ના સાંજે ૪ થી ૬. આયુ મર્યાદા ૮ થી ૧૫ વર્ષ સુધી. વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે વિશેષ.

આ સમર કેમ્પમાં વિભિન્ન પ્રકારના આદર્શ સંપન્ન જીવન બનાવવાની શૈલી તેમજ ફીઝીકલ તથા માનસિક યોગ, મેડીટેશન શીખડાવવામાં આવશે. ભાગ લેવા ઈચ્છુક બાળકોનું રજીસ્ટ્રેશન ૩ મે થી ૫ મેના અંદર તરત જ કરાવી લેશો. રજીસ્ટ્રેશન કરાવવાનું સ્થાન સ્થાનીય સેવાકેન્દ્ર : શિવ વરદાની ભવન, જવાહર ટોકીઝની પાસે, ડૉ.આર.પી.રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ-૮૧ સમય સાંજે ૭ થી ૮ તેમજ મો. ૦૭૯૭૭૯૮૭૦૫૨, ૭૨૦૮૬૪૫૧૭.

## માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માતૃભાષા ગુજરાતીના નિઃશુલ્ક ઓનલાઈન વર્ગો

માતૃભાષા ગુજરાતી શીખવાની ભાવના વાલીઓમાં હજી પણ એટલી જ પ્રદીપ્ત છે. એને લક્ષમાં લઈ અંગ્રેજી માધ્યમમાં ભણતા ગુજરાતી ભાષી પરિવારના બાળકો માટે માતૃભાષા ગુજરાતીનું જ્ઞાન મળી રહે ,ગુજરાતી ભાષા લખી વાંચી શકે એ ઉદ્દેશથી માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા દેશ વિદેશના વિદ્યાર્થીઓને લક્ષમાં લઈ ઓનલાઈન નિઃશુલ્ક વર્ગો ચલાવવામાં આવશે. યામિનીબેન જોશી, નિશા કોઠારી (યુએઈ), રક્ષાબેન દિક્ષિત, સરયુ માલદે,લાલજી સર જેવા.નિષ્ણાંત શિક્ષકોના માર્ગદર્શનમાં, આ વર્ગો ઝૂમ એપ પર ૬ મે થી ૨૨ મે ૨૦૨૪ સુધી દરરોજ સાંજના ૫.૩૦ થી ૭.૦૦ સુધી લેવામાં આવશે. રવિવારે રજા રહેશે. બેઠીક અને એડવાન્સ બેચ રજીસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓ પ્રમાણે રહેશે. મંત્રી ધીરેનભાઈ તન્ના તેમજ ખૂશ્બુ ગણાત્રા આ એપના કંટ્રોલ રૂમનું સંચાલન કરશે. વર્ગો નિઃશુલ્ક છે. વિદ્યાર્થીઓ ઉપરાંત મોટી વ્યક્તિઓ પણ માતૃભાષા શીખી શકશે. સારું પરફોર્મન્સ આપેલ વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે. આર્થિક સહયોગ- પ્રમુખ જગજીવનભાઈ તન્ના અને ઉપ પ્રમુખ હીરાલાલભાઈ મૃગનો છે. રજીસ્ટ્રેશન માટે સંપર્ક-૯૮૯૨૦ ૦૬૬૨૮, ૯૮૬૯૩૩૮૮૪૦.

## 'રામજી કી રોટી' સેન્ટર-મુલુંડમાં દરરોજ બપોરે નિઃશુલ્ક છાસ વિતરણ




ગરમીનો પ્રકોપ દિવસે દિવસે વધી રહ્યો છે ત્યારે તરસ છીપાવવા કુદરતી પીણું છાસ અમૃત સમાન બની રહે છે. કાળઝાળ ગરમીથી રાહત મળે એ માટે મુલુંડ પશ્ચિમમાં એન એસ રોડ, વિશ્વમોહિની બિલ્ડીંગ સ્થિત રામજી કી રોટી સેન્ટર દ્વારા દરરોજ બપોરના ભોજન લાભાર્થીઓ ઉપરાંત રસ્તે જતા શ્રમજીવીઓ તથા જરૂરિયાતમંદો માટે નિઃશુલ્ક છાસનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

એક દિવસની આ છાસ સેવા સમર્પણ માટે રૂપિયા ૧૧૦૦ ની કૃતજ્ઞતા રાશિ છે. ધીરજ મહારાજ અને હર્ષ મહારાજ સંચાલિત રામજી કી રોટી માં દરરોજ ૨૫૦ થી વધુ દરિદ્ર નારાયણોને દાળ, ભાત, શાક, રોટલી, ફરસાણ, સમયાંતરે સ્વીટ સાથેનું સાત્વિક ભોજન આપવામાં આવે છે. ગૌશાળા અને મંદિરના દર્શન પણ અહીં થાય છે.

## રિદ્ધિ સિદ્ધિ ગ્રુપ પ્રસ્તુત નાટકઃ 'કાકા લાવે કેશ, બધા કરે એશ'

આપની ઉપસ્થિતિ એજ અમારું સૌભાગ્ય, આપના આશીર્વાદ એજ અમારો ઉપહાર.

રાજેન્દ્ર અગરબત્તીવાલાના રિદ્ધિ સિદ્ધિ ગ્રુપ દ્વારા મહાકવિ કાલિદાસ નાટ્યગૃહમાં સોમવાર, તા.૨૯ એપ્રિલ રાત્રે નવ કલાકે મનોરંજનથી ભરપૂર ગુજરાતી નાટક 'કાકા લાવે કેશ, બધા કરે એશ'નું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ નોંધઃ રૂ.૨૦૦ વાળી બાલ્કનીની ટિકિટ ફક્ત રૂ.૧૦૦માં મળશે. સ્થળઃ રિદ્ધિ સિદ્ધિ ટેલર્સ, બીપીએસ પ્લાઝા, ગ્રાઉન્ડ ફ્લોર, દેવીદયાલ રોડ, મુલુંડ (વે). નવા મેમ્બર્સ આવકાર્ય છે. સંપર્કઃ રાજેન્દ્ર અગરબત્તીવાલાઃ ૯૮૨૦૩૦૨૯૦૨, વિશાલ મહેતા – ૯૮૧૯૦ ૨૬૭૩૭.




## ભારતમાં સ્થૂળતા અને ડાયાબિટીસ વચ્ચેની કડીની સમજણ




*ભારતમાં, ડાયાબિટીસનો વ્યાપ વધી રહ્યો છે, જેમાં ૭.૭ કરોડથી વધુ પુખ્ત વયના લોકો ડાયાબિટીસથી પ્રભાવિત છે. ભારતમાં ટાઈપ ટુથવા માટેના સૌથી મહત્વપૂર્ણ અને જોખમી પરિબળોમાંનું એક છે લોકોનું વધુ વજન અથવા મેદસ્વી હોવું. ઇન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન અનુસાર, ભારતની લગભગ ૨૦ ટકા પુખ્ત વસ્તી મેદસ્વી છે, જ્યારે અન્ય ૪૦ ટકા વધુ વજન ધરાવે છે, જે તેમને ડાયાબિટીસ થવાનું જોખમ વધારે છે.*

*ટાઈપ ટુ ડાયાબિટીસ એ એક એવી સ્થિતિ છે જે લોહીમાં શર્કરા (સુગર)ના ઊંચા સ્તરને લીધે થાય છે,જે શરીર દ્વારા ઇન્સ્યુલિનનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં અસમર્થતાને કારણે થાય છે.*

*વધુ વજન અથવા મેદસ્વી હોવાને કારણે ઇન્સ્યુલિન પ્રતિકાર વધી શકે છે, જે શરીર માટે અસરકારક રીતે ઇન્સ્યુલિનનો ઉપયોગ કરવાનું મુશ્કેલ બનાવે છે.*

*પરિણામે, લોહીમાં સુગરનું સ્તર વધી શકે છે, જે ટાઇપ ટુ ડાયાબિટીસ થવાનું જોખમ વધારે છે.*

*વધુમાં, વધારે વજન અથવા મેદસ્વી હોવું એ ઘણીવાર ડાયાબિટીસ માટેના અન્ય જોખમી પરિબળો સાથે સંકળાયેલું હોય છે, જેમ કે શારીરિક નિષ્ક્રિયતા અને ખોરાકની નબળી ગુણવત્તા. ભારતમાં, રીફાઈન્ડ કાર્બોહાઇડ્રેટ્સ અને સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ) વાળા બિનઆરોગ્યપ્રદ આહારના વપરાશની સાથે બેઠાડુ જીવનશૈલીએ ડાયાબિટીસના વધતા વ્યાપમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.*

*શરીરના વજનના માત્ર પાંચથી સાત ટકા વજન ઘટાડવાથી ઇન્સ્યુલિનની સંવેદનશીલતા વધી શકે છે અને ડાયાબિટીસ થવાનું જોખમ ૬૦ ટકા સુધી ઘટાડી શકાય છે.*

*આપણે આપણી જીવનશૈલીમાં ફેરફાર કરીને ડાયાબિટીસનું જોખમ ઘટાડી શકીએ છીએ જેના લીધે શરીરનું વજન પ્રમાણસર રહે છે, જેમ કે શારીરિક પ્રવૃત્તિમાં વધારો અને સંતુલિત, પોષક આહારનું સેવન.*


*નિષ્કર્ષમાં, ભારતમાં ટાઈપ ટુ ડાયાબિટીસ થવા માટે વધુ વજન અથવા મેદસ્વી હોવું એ એક નોંધપાત્ર જોખમી પરિબળ છે.*

*જીવનશૈલીમાં તંદુરસ્ત ફેરફારો કરવાને પ્રાથમિકતા આપીને તેમ જ વધુ વજન અને ડાયાબિટીસ વચ્ચેની કડી વિશે જાગૃતિને પ્રોત્સાહન આપીને, આપણે બધા માટે સ્વસ્થ ભવિષ્ય તરફ કદમ માંડી શકીએ છીએ.*

*ડાયાબિટીસના ફેલાવાને રોકવા અને એકંદર આરોગ્ય અને સુખાકારીમાં સુધારો કરવા માટે નિયમિત કસરત અને સંતુલિત આહાર જેવી તંદુરસ્ત ટેવો અપનાવવી જરૂરી છે.*

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# મારા ડાયરીના થોડા પાનાં : યોગેન્દ્ર પરીખ મણીપુર અહિંસક સત્યાગ્રહી ઈરોમ શર્મિલા




નબળી સરકાર કરતા મજબૂત સમાજ વધુ સારો છે. જે દેશોની સરકાર નબળી છે. પરંતુ તેનો સમાજ અને સામાજીક માળખુ મજબૂત છે. તે દેશનો વિકાસ સારો હોય છે. મણીપુર લાંબા સમયના હિંસક સંઘર્ષ ઘર બની ગયું છે. તે સમય કેન્દ્ર કોંગ્રેસ સરકાર હતી. ભારતના પૂર્વ છેડે આવેલું આ નાનકડું રાજ્ય આર્મ્ડફોર્સિસ સ્પેશિયલ પાર્વસ એક્ટ (૧૯૫૮) AFSPAની એડી તળે કચડાઈ રહ્યું છે. તા.૨૩મી જુલાઈ ૨૦૦૯ને દિને ૨૬ લાખની વસ્તી ધરાવતા આ રાજ્યની રાજધાની ઈમ્ફાલમાં ભરબજારમાં ગોળીબાર થયો.

તેમાં પાંચ માસની ગર્ભવતી રબીનાદેવી અને સંજીતનું મૃત્યુ થયું. એમના પર બળવાખોર હોવાનો આરોપ હતો. તંદ્ઉપરાંત પોલીસના નકલી સામાનામાં ગણાવાયેલા ગોળીબારમાં પાંચ ઘવાયા હતા. પરિણામે પ્રજાનો રોષ ભભૂકી ઉઠ્યો અને મણીપુર ઈમ્ફાલનું જનજીવન ખોરવાઈ ગયું. છેલ્લે દસ વરસ દરમિયાન ઈમ્ફાલ અને પર્વતીય વિસ્તારોમાં ન્યાયાલય ક્ષેત્ર બાહ્ય લગભગ 300 જેટલો લોકા માર્યા ગયા હતાં. આ સંઘર્ષમાં 30000 વિધવાઓ થઈ અને ૪0000 બાળકો અનાથ થયાં. ૩૬000 લોકો જુલ્મ ગુજારવામાં આવ્યો અને ૩૯૨૧ લોકોની ભાળ મળતી નથી.

નિષ્ફળતાથી ઘેરી લાગણીમાંથી પસાર થતાં લોકોએ એમ માન્યું કે કાયદાનું રાજ્ય અભેરાઈ ચડાવી દેવાયું છે. રાજ્યની પોલીસ બેફામપણે વર્તતી હતી. નેશનલ સિક્યોરટી એક્ટ (NSA) તળે તે ગમે તેને પકડી પૂરી દેતી હતી. હ્યુમન રાઈટસના કર્મશીલો માટે સ્પષ્ટ સંદેશો હતો એમને ગળે ટૂંપો દેવાનો હતો. દિલ્હીના સરકાર ધ્યાન ટી. વી. અને પ્રેસ મારફતે આવવા છતાં કોઈ જવાબ મળતો ન હોવાથી નિરાશ પ્રજાના હૃદયમાં સ્થાયી થવા માંડી હતી. AFSPAનો કાયદો પાછો ખેંચી લેવાની માગણી સાથે શર્મિલાએ આમરણ ઉપવાસ ચાલુ કર્યા. પણ તેને પકડી લેવામાં આવી. એનું મૃત્યુ થાય તો સૈન્ય માથે નામોશી આવે.

એટલે તેને જવાહરલાલ નહેરૂ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી અને જબરદસ્તીથી નાક દ્વારા પેટમાં રાઈલ્સ ટ્યુબ ઉતારી પ્રવાહી ખોરાક પર રાખવામાં આવી. ઐતિહાસિક શાંત અને અહિંસક સત્યાગ્રહ તા.૫મી નવેમ્બર દસમા વરસમાં પ્રવેશ કર્યા હતો. આ સત્યાગ્રહ લોકો જાગૃતિનું કેન્દ્ર બની રહ્યો અને ૧૮મી મે ને દિને દર વરસે યોજાતા ન્યાય, શાંતિ અને આશા મહોત્સવમાં તે પ્રતિબિંબત થયો. શર્મિલાની સહાનુભૂતિમાં જવાહરલાલ નહેરૂ હાસ્પિટલની સામે ૧૫ કર્મશીલોએ ત્રણ દિવસના ઉપવાસ આરંભ કર્યા હતો. મલાયમ ફાઉન્ડેશન કરેલા તરફથી શર્મિલાને એક સ્મૃતિ ભેટ અને પ્રશસ્તિ પત્ર ગાંધી પરિવાર સભ્ય શ્રી યોગેન્દ્ર પરીખને હાથે આપવાનું વિચારવામાં આવ્યું હતું.

અગાઉથી સરકારની પરવાનગી મેળવીને અમે જનરલ હોસ્પિટલમાં દાખલ થયો. ત્યારે ટી.વી. અને સમાચારપત્રોના પ્રતિનિધિઓ હાજર હતાં. એક નાનકડા ઓરડામાં શર્મિલા ખાટલા પર સૂતા હતાં. અમે દાખલ થયા એટલે એમણે ઉઠીને બેસવાને પ્રયત્ન કર્યા. મેં એમની પીઠ હાથ દઈ મદદ કરતાં કહ્યું. મારું નામ યોગેન્દ્ર પરીખ કેરાલાના મિત્રો સાથે તમને ગુજરાતથી મળવા અમે સૌ આવ્યા છીએ. તમને બળજબરીથી પ્રવાહી ખોરાક રાઈલ્સ ટ્યુબ નાકમાંથી પસાર કરીને જઠર સુધી પહોંચાડી આપવામાં આવે છે તે કષ્ટદાયક છે. એનો એનો અનુભવ મને મારી માંદગીને દરમ્યાન મહિના સુધી થયો છે. પણ તમારી તે વખતે અનોની છે.

તમે આ કષ્ટ દર વરસથી માનવ હકો માટે સહી રહ્યા છે. આટલું બોલતા હું ગળગળો થઈ ગયો. આંખો ભીની થઈ શર્મિલાની આંખોમાં આંસુ ઉભરાયા. બે હાથ વચ્ચે એમનું માથું લઈને એમના વાળ સરખા કરી મેં એમના કપાળે વહાલભર્યું ચુંબન કર્યું. અશ્રુધારા વહી ચાલી. શર્મિલાને સ્મૃતિ ભેટ આપી ત્યારે એમણે તેના પર માથું ઢાળી સ્વીકારી કેરાલાના મિત્રોએ કર્યું અને એમણે તે ભીની આંખે સાંભળ્યું. અમે ગમગીન સાથે બહાર નીકળ્યા ત્યારે પ્રસાર માધ્યોમોના પ્રતિનિધિઓ ઘેરી વળ્યાં મને પુછ્યું તમે 'ગાંધીજીના શું સગા થાવ? ટુંકમાં પતાવતા મે જવાબ આપ્યો. ગાંધીજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી હરીલાલની પુત્રી રામીબેન મારા સાસુ થાય. ટી.વી.વાળા પૂછે' તમે અમારી પાસેથી શું આશા રાખો છો?

તમે બધા 'ક્રાઈમ ફાઈલ' પ્રજાને દેખાડો છો. આવી 'ડિવાઈન ફાઈલ દેખાડોને અમને તમારા ટેકાની જરૂર છે. શર્મિલાને મુક્ત કરવામાં એને આ રાક્ષસી કાયદો પાછો ખેંચી. લેવામાં કોનો અહં આડે આવે છે? લશ્કરનો અને રાજકારણી નેતાઓને? એમના અહં માટે આ વીરાંગના યુવાન મહિલા શર્મિલા શીરીને વધેરી દવાય? દસ દસ વરસો સુધી જબરદસ્તીથી પ્રવાહી ખોરાક એના પેટમાં રાઈલ્સ ટ્યૂબથી રેડવામાં આવે છે. કરૂણતા એ છે કે આ અત્યાચાર જવાહરલાલ નહેરૂને નામે ચાલતી હોસ્પિટલમાં થઈ રહ્યો છે. તમે આ વાત મોટા પાયા પર પ્રકાશિત કરો અને લોકશાહીના પાયારૂપ માનવી પટકોના જતન માટે લોકમત કેળવી સરકાર પર દબાણ લાવો.'

તે જ દિવસે સાંજે ટીવી પર ઉત્સુકતા ભરી નજર માંડી અમે સૌ બેઠાં હતાં. ત્યારે હોસ્પિટલની બહાર શર્મિલાની સહાનુભૂતિમાં પણ ત્રણ દિવસના ઉપવાસ પર બેઠલા ૧૫ લોકોના અને હોસ્પિટલની અંદર સ્મૃતિ ભેટ આપતી વખતેના દ્દશ્યો દેખાડવામાં આવ્યા. બીજે દિવસે કેરાલામાં આ સમાચારોનો બહોળો ફેલાવા થઈ રહ્યો છે. ગુજરાતમાં પણ તેનો વ્યાપક ફેલાવ થાય એ ઈચ્છવા યોગ્ય લાગ્યો.

શર્મિલાને આ અભિનંદનીય કામગીરી ૨૦0૭માં માનવ હકોની રક્ષાના ઉચ્ચ આદર્શાને ખાતર પોતાના જીવનને હોડમાં માનવહકોની રક્ષાને ઉચ્ચ આદર્શને ખાતર પોતાના જીવનના હોડમાં મૂકવા બદલ ગ્વાન્ગજુ પારિતોષિકથી સન્માનવામાં આવી હતી. એ તો કેદ ભોગવી રહ્યા હતાં એટલે એમના ભાઈ આ પરિતોષિક લેવા ગયા હતા. એમની પાછળ કેવલ એમનો જ પરિવાર નહી પણ આખો દેશ ઊભો છે. સમગ્ર એશિયામાં આ સન્માન મેળવનારી દસમી મહિલા છે.

ટી.વી. છાપાઓમાં ન આવતા એવા ઘણા પ્રસંગો દેશના અજાણ્યા ખૂણે બની રહ્યા છે. હચમચાવી નાખનારા દુઃખદ પ્રસંગો અને આંખો ઠારે એવા પ્રેરણાદાયી સુખદ પ્રસંગો લોક જીવનમાં ઘડતા હોય છે. એના તરફ માધ્યમો ક્યારે ધ્યાન આપશે?

# મુલુંડના મારુતિ મંદિરોમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી ભાવ ભક્તિપૂર્વક થઈ...

છેલ્લા પાનાથી ચાલુ

બધા જ સંકટ અને નડતરો થી છુટકારો મળે છે. અને સુખ શાંતિની પ્રાપ્તિ થશે. જો કોઈ વ્યક્તિની કુંડળીમાં શનિ ગ્રહના અશુભ પ્રભાવ હોય તો તેને પણ હનુમાન જયંતિના દિવસે હનુમાનજીની પૂજા કરવી જોઈએ. એવું કરવાથી શનિદેવ સાથે જોડાયેલી સમસ્યા પણ દૂર થઈ જાય છે. મંગળવારનો દિવસ હનુમાનજીનો જ દિવસ હોય છે અને ઉપરથી હનુમાન જયંતીનો તહેવાર એટલે ભક્તો ની પાસે બજરંગ બલી ને ખુશ કરવાનો બેવડો મોકો મળ્યો. આ દિવસે રાતે ૮ વાગ્યા સુધી સિદ્ધિયોગ હતો સાથે શુભ સ્વાતિ નક્ષત્ર પણ. કોઈપણ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરવા અને ભગવાનના નામ જપવા માટે સિદ્ધિયોગ ખૂબ જ ઉત્તમ માનવામાં આવે છે.


કષ્ટભંજન દેવ ઉર્ફે પવનપુત્ર, બજરંગબલી નામે ઓળખ ધરાવતા મહાવીર હનુમાનજીને કલિયુગના દેવતા માનવામાં આવે છે. હનુમાનજી ભગવાન શિવના અગિયારમા અવતાર છે તેમને ચિરંજીવી હોવોનો આશીર્વાદ પ્રાપ્ત છે એટલે જ તેમનો જન્મ દિવસ જન્મ જયંતિ નહીં પણ જન્મોત્સવ તરીકે ઉજવવાની માન્યતા છે. હનુમાનજી ભક્તની શ્રધ્ધા આસ્થાથી ઝટ પ્રસન્ન થતા દેવ છે. જેઓ તેલ, આકડાના પાન અને સિંદુર લેપથી રીઝે છે. આ દિવસે રામચરિત માનસ, સુંદરકાંડ, હનુમાન ચાલીસા, બજરંગ બાણ, હનુમાન બાહુક વગેરેના પાઠનું આયોજન મંદિરોમાં કરાયું હતું.

ગણેશ ગાવડે રોડ સ્થિત શ્રી ઉદાસીન આશ્રમ-બાવાજીની ઝૂંપડીમાં પ્રાતઃ ૬ કલાકે લોટ પ્રસાદ ભક્તિ, શ્રી હનુમાનજી પૂજન તેલાભિષેક ૧૦૦૮ નામોથી અર્ચન, હવન સવારે ૮ કલાકે મહાઆરતી ૧૨.૩૦ કલાકે ૧૦૮ સમૂહ હનુમાન ચાલીસ પાઠ બપોરે ૩ વાગ્યે, સંગીતમય સુંદરકાંડ અને ભજન સંધ્યા રાતે ૮ કલાકે તથા ભંડારા પ્રસાદ રાતે આરતી પછી ૮ વાગ્યાથી વિતરીત કરાયો. આમ વિવિધ ધાર્મિક આયોજનોથી સમગ્ર મંદિર પરિસર ભાવિક ભક્તોની ભીડથી ગાજી ઊઠ્યું હતું.

તેજ પ્રમાણે અંબાજી ધામ મંદિરમાં શ્રી હનુમાનજીની મૂર્તિને વિશેષ શણગાર કરી ભાવ ભક્તિ કરાઈ હતી. નિત્યાનંદ એપાર્ટમેન્ટ પરિસરમાં શ્રી હનુમાન મંદિરમાં પણ વિશેષ પ્રકારના ધાર્મિક આયોજનો કરાયા હતા. જેમાં શ્રધ્ધાળુભાઈ બહેનો ભાવપૂર્વક સહભાગી થયાં હતા.

શ્રી મારૂતી મંદિર ટ્રસ્ટ, લેક રોડ ભાંડુપ વેસ્ટ સ્થિત શ્રી હનુમાન મંદિરે હનુમાન જન્મોત્સવનું ભવ્ય આયોજન તા.૨૩ એપ્રિલ મંગળવાર રોજે કરાયું હતું. આ પ્રસંગે કાશી તીર્થના પ્રવચનકાર પંડિત શિવકાન્ત મિશ્ર 'સરસ', સમાજસેવક ડૉ.સચિન સિંહ, ગોપીનાથ પાટીલ, અશોક શર્મા, મિથિલેશ સિંહ, બાબુલાલ દુબે, બી.ડી.તિવારી, સંજીવ પૂજારી, પપ્પુ સિંહ, રામલાલ જયસ્વાલ, ભાવેશ કોપરકર, અધ્યક્ષ પરશુરામ કોપર સહિત ગણમાન્ય શ્રધ્ધાળુજનો ભાવપૂર્વક પૂજન કરી દર્શન કર્યા અને પ્રસાદ ગ્રહણ કર્યો હતો.





# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા કરાયેલ સેવાકાર્ય પ્રોજેક્ટની વિગત






તા.૧૬ એપ્રિલ મંગળવારના થાણા વેસ્ટમાં બાલકુમ નાકા વિસ્તારમાં આઈ ચેકઅપ કેમ્પ અને ચશ્મા વિતરણનો કાર્યક્રમ યોજાયો. જેમાં ૧૪ મોતીબિંદુના પેશન્ટ સહિત ૨૧૮ જેટલા લાભાર્થીઓએ સેવાનો લાભ લીધો હતો.

સેવા પ્રોજેક્ટની કુલ રકમ રૂા.૧૨૫૦૦ થઈ હતી. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન હરીશ જોબનપુત્રા, લાયન હેમા ગાંધી અને લાયન વિપુલ ઠક્કર હતા.

સેવા પ્રોજેક્ટના ડોનર શ્રીમતી તિલકબેન જીતુભાઈ શાહ હતા. એજ દિવસે લાયન ભોજન યોજના પ્રોજેક્ટ અંતર્ગત બ્રિજવાસી દુગ્ધાલય, એમ.જી.રોડ, મુલુંડ સ્ટેશન પાસે ૫૦ જેટલા જરૂરિયાતમંદોને ભોજન અપાયું. સેવા પ્રોજેક્ટની કોસ્ટ રૂા.૧૨૫૦ થઈ હતી. પ્રોજેક્ટના ચેરપર્સન લાયન દિલીપ શિરગાંવકર અને લાયન દિલીપ જમતાની હતા.

લાયન્સ સેવા પ્રોજેક્ટની સંપૂર્ણ વિગત માહિતી ક્લબ સેક્રેટરી લાયન પુષ્પલ સંઘવી એ અખબારી યાદી દ્વારા જણાવી છે.

# ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા મુલુંડમાં ૨૭,૦૦૦થી વધુ વાહનચાલકો દંડાયા

મુલુંડ ટ્રાફિક પોલીસ દ્વારા જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૪ દરમિયાન ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર ૨૭,૯૩૧ વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તેમની પાસેથી ૨૨.૯૮ લાખ રૂપિયાનો દંડ ટ્રાફિક પોલીસે વસૂલ્યો છે. ટ્રાફિક પોલીસની કડક કાર્યવાહીથી વાહનચાલકોમાં ગભરાટ ફેલાઈ ગયો છે અને તેઓ નિયમોનું પાલન કરતાં જોવા મળી રહ્યા છે.

ટ્રાફિક પોલીસ દ્વારા ભાંડુપના એસ વોર્ડથી લઈને મુલુંડ ચેકનાકા સુધી જાળું ફેલાવીને વાહનોની ચેકિંગ કરવામાં આવી રહી છે. આ અંગે ટ્રાફિક પોલિસના એક અધિકારીએ કહ્યું હતું કે મુલુંડના પરિસરમાં અનેક લોકો રસ્તા પર ગેરકાયદે રીતે વાહનો પાર્ક કરે છે, જેને લીધે માર્ગમાં ભારે ટ્રાફિકજામની સમસ્યા સર્જાય છે. આ સાથે સ્ટેશનના પરિસરમાં પણ અનેક રિક્ષા ચાલકો ઊભા હોય છે.

મુલુંડ ટ્રાફિક પોલીસ દ્વારા ગેરકાયદે પાર્ક કરેલા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે અને તે વાહનોને ટો કરી વાહન ચાલક પાસેથી દંડ વસૂલવામાં આવે છે. આ સાથે ખોટી રીતે વાહન ચલાવનાર લોકો સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે, એવું વરિષ્ઠ ટ્રાફિક પોલીસ અધિકારી અજિત સુલેએ કહ્યું હતું.

મુલુંડ ટ્રાફિક પોલીસ દ્વારા ૬૦પોલીસ સ્ટાફને શહેરના અનેક વિસ્તારોમાં તહેનાત કરવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૪માં ૮૩૩૮ વાહનો સામે કાર્યવાહી કરી ૧૩લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો તેમ જ ફેબ્રુઆરીમાં ૬૯૭૩ વાહનો સામે કાર્યવાહી કરી ૧૩લાખ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. માર્ચ મહિનામાં ૧૦,૬૨૦સામે કાર્યવાહી કરી ૯ લાખ રૂપિયા દંડ લેવામાં આવ્યો હતો.

જીવન રસ્તે
બંને જ મળવાના,
તડકો-છાંય

ખીલતું રાખે
છે જીવન બાગને,
કુશળ માળી.

એ જ ધનિક?
રાત્રે સુખની નિદ્રા
લેતો ગરીબ.

જ્યાં સંસ્કારિતા
જીવંત, સ્વચ્છતા ત્યાં
ના મરવાની.

રવિ ગુસ્સાથી
તપે, આંખ મિલાવી
ના શકે કોઈ.

હાઈકુ



કવિયત્રી
મંજુલા રાંભિયા







# મુલુંડના મારૂતિ મંદિરોમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી ભાવ ભક્તિપૂર્વક થઈ

**જયંતીલાલ મંગે**

ચૈત્ર સુદ પુનમ મંગળવાર તા.૨૩ એપ્રિલના પ્રભુજી શ્રી રામ ભક્ત મહાવીર શ્રી હનુમાનજીનો જન્મોત્સવ ભાવભક્તિ સાથે મુલુંડના વિવિધ મારૂતી મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો કરીને ઉજવાયો.

એવી માન્યતા છે કે હનુમાન જયંતીના દિવસે હનુમાનજીની પૂજા અર્ચના કરવાથી જીવનમાં

(અનુસંધાન ૨૨મા પાને)


બાવાજીની ઝૂંપડી


અંબાજી ધામ મંદિર


નિત્યાનંદ એપાર્ટમેન્ટ

!! WE ARE BACK !!
Inaugural Offer
(For Limited Period)
Neel Kamal
Designer Fabrics
10% to 30% OFF on
Designer Fabrics
Dress Materials
Duppattas
Embroidered &
Woven Fabrics
Shop No. 1, Patil Prasad Bldg.,
Corner of Javer Road & Nehru Road,
Opp. Mulund Farsan, Mulund (W), Mumbai-80.
Contact : 9920 6363 00

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Price : Rs.1.40 Crore Negotiable
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

શ્રી ગણેશ સ્વીટસ
મલાઈ પેંડા, મલાઈ કેસર પેંડા, મલાઈ પુરી,
મલાઈ બરફી, અંજીર બરફી, કાજુ કતરી,
કાજુ રોલ અને રાજકોટ પેંડા
હોલસેલ તથા રીટેલ મેળવવાનું એકમાત્ર
સ્થળ જવાહર ટોકીઝની સામે, મુલુંડ (વે).
આ કટિંગ લાવનારને ૧ કિલો પેંડા
(રૂા.૭૦૦) ઉપર ૧ કિલો પેંડા
FREE
ચેતનભાઈ બુધ્ધદેવ
89285 53229

3 BHK FLAT FOR SALE
Near Saidham, P. K. Road, spacious beautifully maintained west-facing bright, airy, ready-to-move 880 sq.ft carpet area flat, 7 of 8 floors, 18-year-old society with two bathrooms, open parking, fully furnished with white goods, low maintenance, immediate possession, central peaceful location, daily needs (schools, church, temple, doctor's clinic, grocery shops) nearby.
Price 2.25 Cr negotiable.
Contact : 97023 49469

મુલુંડ વૈશાલીનગર નજીક
શ્રીનગર-થાણામાં
નવા બંધાતા ટાવરમાં ફ્લેટો
1 બેડ 75 લાખ
2 બેડ 1.20 લાખ
3 બેડ 1.60 લાખ
શ્રી ગાયત્રી એસ્ટેટ એજન્સી
9821132565

દ્વિતી ટુર્સ એન્ડ ટ્રાવેલ
બી-૧૦૧, પ્રણવ કર્મશિયલ પ્લાઝા, એમ.જી. રોડ,
શિવસેના શાખાની ઉપર, મુલુંડ (વે.), મુંબઈ-૮૦.
સમય : સવારે ૧૦ થી બપોરે ૨.૦૦ અને સાંજે ૪.૩૦ થી રાત્રે ૯ (રવિવારે સવારે ૧૦ થી બપોરે ૨)
પારસ શાહને સથવારે
૨૦૨૪ની સમર ટુર
INTERNATIONAL TOUR
શ્રીલંકા ૨૦૨૪
૮ દિવસ/ ૭ રાત્રિ
Departure Date
28th May 2024
(5 Rooms left)
૧ રાત્રિ (કેન્ડી) At Hotel Serene Garden /Similar
૨ રાત્રિ (બેન્ટોટા) At Oak ray Haridra Beach/Similar
૨ રાત્રિ (નુવારા ઈલિયા) At Hotel Oak ray Ramboda/Similar
૨ રાત્રિ (કોલંબો) At OCEAN EDGE /Similar
સ્વતંત્ર કિચન (જૈન ફુડ ઉપલબ્ધ)
લેહ લદાખ
૮ દિવસ/ ૭ રાત્રિ
Departure Date
May : 19th & 24th (SOLD OUT)
31st (2 Rooms Left)
June : 07th & 14th
5 રાત્રિ લેહ
At Hotel ZOMDAY/ Similar
2 રાત્રિ નુબ્રા વેલી
At Lahrimo North Camp/ Similar
We also arrange by Road from Srinagar additional 1 રાત્રિ સોનમાર્ગ 1 રાત્રિ કારગીલ
કાશ્મીર ટુર Totally SOLD OUT and thanks everyone for overwhelming response
અમારા ડીપાર્ચર પ્રમાણે એર ટિકિટ બુક કરાવો અત્યારે ખૂબ રિઝનેબલ રેટ છે આગળ જતા ખૂબ વધશે
તો હવે મજા માણો દ્વિતી ટ્રાવેલ સાથે ચાલો કાશ્મીર, લેહ લદાખ અને શ્રીલંકા
સંપર્ક : પારસ શાહ : 8779297319 / 9167575495

VEG
Bake Live Studio
100% WHOLE WHEAT
BREADS ARE NON-NEGOTIABLE,
MAKE HEALTHIER CHOICES WITH US!

ENJOY FRESH, WARM BREAD DELIVERED
EVERY DAY FROM 8AM TO 11PM
Order Now!
Available on pre- order
Launching Soon: Wide Variety of Sourdough breads across all our outlets!
Scan here to view our bread range!
Images Used Are For Representation Purposes Only
• More Healthier
• Rich in Fibre & Protein
• No Maida
• Low in Sugar & Fat
• Clean Label
• 100% Whole Wheat
Girgaon Chowpatty- 08591306565 Colaba - 9029343535 Mulund- 08591407575